**સુવિચાર**

તમે આવો ને સન્માન મળે એના કરતા તમે જાઓ ને તમારી ખોટ વર્તાય એવું કામ કરજો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



જમાદારને પીઆઇએ કહ્યું જુગારની પરમીશન મેં આપેલ છે, તમારે ત્યાં જવાનું નથી...! P-4

Year-16, Issue-192 ■ DATE : 27-11-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતીય શેરબજારે રચ્યો ઈતિહાસઃ સેન્સેક્સ ૮૬૦૦૦ને પાર



## નિફ્ટી ૨૬૩૦૬ની નવી ટોચ પરઃ ઓટો, એફએમસીજી, મીડિયા, મેટલ, ફાર્મા સહિતના શેરો ઉંચકાયા

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ભારતીય શેરબજારે આજે ગુરુવારે ઈતિહાસ રચી દીધો છે. લગભગ ૧૪ મહિનાની લાંબી રાહ જોયા બાદ, નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ તેના સર્વકાલીન ઉચ્ચ સ્તરને પાર કરી ગયો છે, જેના કારણે રોકાણકારોમાં ખુશીનો માહોલ છે. બજારમાં આવેલી આ તેજીને પગલે રોકાણકારોની સંપત્તિમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ સાથે પહેલીવાર સેન્સેક્સ પણ પહેલીવાર ૮૬૦૦૦ની સપાટીને કૂદાવી જતા ઈતિહાસ રચાઈ ગયો છે. સેન્સેક્સે આજે ૮૬૦૨૬.૧૮ ની સપાટીને સ્પર્શ્યું હતું.

આજે સવારના કારોબારમાં નિફ્ટી લગભગ ૯૦ પોઈન્ટના ઉછાળા સાથે ૨૬,૨૯૫.૫૫ની નવી ઐતિહાસિક સપાટી પર પહોંચી ગયો હતો. આ પહેલા, ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં નિફ્ટીએ ૨૬,૨૭૭.૩૫નો ઓલ-ટાઇમ હાઈ બનાવ્યો હતો, જેની નીચે તે છેલ્લા ૧૪ મહિનાથી ટ્રેડ કરી રહ્યો હતો. બીજી બાજુ સેન્સેક્સે પણ રેકોર્ડ સર્જી દેતાં પહેલીવાર ૮૬૦૦૦ની સપાટીને કૂદાવતા નવો ઈતિહાસ બનાવ્યો હતો.

BSEના ટોપ ૩૦ શેરોમાંથી ૧૯ શેરોમાં તેજી જોવા મળી રહી છે, જ્યારે ૧૧ શેરો ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યા છે. બજાજ ફાઈનાન્સ અને બજાજ ફિનસર્વના શેર ટોપ પર્ફોર્મર રહ્યા છે, જ્યારે ઝોમેટો અને કોટક મહિન્દ્રા બેન્કના શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. સેક્ટરની વાત કરીએ તો, પીએસયુ બેંક, કન્ઝ્યુમર્સ અને ઓઇલ એન્ડ ગેસ સેક્ટરને બાદ કરતાં બાકીના તમામ સેક્ટરમાં સારી ખરીદી જોવા મળી રહી છે.


બીએસઈ પર કુલ ૩,૩૨૧ શેરોમાંથી ૧,૮૫૩ શેરો તેજી સાથે અને ૧,૨૬૨ શેરો ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા હતા. ૮૫ શેરોમાં અપર સર્કિટ લાગી છે, જ્યારે ૬૦ શેરોમાં લોઅર સર્કિટ લાગી છે. ૬૦ શેરોએ તેમની ૫૨-સપ્તાહની નવી ટોચ બનાવી છે.


શેરબજાર તેજીના નવા દૌરમાં આવ્યું હોય તેમ બુધવારના જોરદાર ઉછાળા બાદ આજે પણ સુધારાનો ટ્રેન્ડ ચાલુ રહ્યો હતો. વિશ્વ બજારોના પોઝીટીવ સંકેતો તથા તેજીના માનસ વચ્ચે શરૂઆત પ્રોત્સાહક ટોને થઇ હતી. મોટા ભાગના શેરોમાં લેવાલી રહેતા તેજી આગળ ધપતી રહી હતી.

રશિયા-યુક્રેન વચ્ચેનું યુધ્ધ ગમે ત્યારે ખત્મ થવાની જાહેરાત થવાના આશાવાદ હેઠળ મનોવૃતિ બદલાઇ હતી. ભારતમાં આર્થિક વિકાસ અને આવતા સપ્તાહમાં રીઝર્વ બેંક વ્યાજદરમાં ઘટાડો કરશે તેવી અટકળોથી પણ તેજીને ટેકો મળ્યો હતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે માર્કેટનું માનસ જ તેજીનું બની ગયું છે અને આ દૌર આગળ ચાલી શકે છે.

શેરબજારમાં આજે ઓટોમોબાઇલ, એસએનસીજી, મીડિયા, મેટલ, ફાર્મા, બેંક, ઓઇલ એન્ડ ગેસ જેવા ક્ષેત્રોના શેરોમાં લેવાલીનું આકર્ષણ હતું. બજાજ ફાયનાન્સ, ગ્લેન્ડમાર્ક, એસઆરએફ, એમસીએફ, આઇસીઆઇસીઆઇ બેંક, પેટીએમ, કેનેરા બેંક, લાર્સન, હિરો મોટો, એકસીસ બેંક જેવા શેરોમાં ઉછાળો હતો. અંબર, સુપ્રીમ ઈન્ડસ્ટ્રીઝ, વોલ્ટાસ, પીજી ઈલેકટ્રો પ્લાસ્ટ જેવા શેરોમાં નબળાઇ હતી.

એનએસઇમાં ૧૫૫૮ શેરો સુધારો સુચવતા હતા. ૫૭૦માં ઘટાડો હતો. બીએસઇમાં ૨૦૬૯ શેરોમાં ઉછાળો હતો. ૧૪૭૮ નબળા હતા. ૮૭ શેરો વર્ષની ઉંચાઇએ પહોંચ્યા હતા.




# હોંગકોંગમાં હાઈરાઈઝ બિલ્ડીંગમાં ભયાનક આગઃ ૪૪ના મોત





**મુખ્ય સમાચાર, હોંગકોંગ**

અહીના એક હાઉસીંગ કોમ્પ્લેક્સમાં એક ૩૨ માળની હાઈરાઈઝ બિલ્ડીંગમાં ભયાનક આગ ભભુકી ઉઠતા ૪૪થી વધુ લોકોના મોત થયા છે, જયારે ૩૦૦થી વધુ લોકો લાપતા બન્યા છે. પોલીસે ત્રણ શંકાસ્પદ લોકોની ધરપકડ કરી છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ હોંગકોંગના એક હાઉસિંગ કોમ્પ્લેક્સમાં એક બહુમાળી એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં આગ લાગી હતી, જેમાં ૪૪ લોકો માર્યા ગયા છે અને કેટલાક લોકો હજુ પણ ફસાયેલા હોવાનું શહેરની ફાયર સર્વિસે બુધવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે નવ લોકોને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા અને ચાર અન્ય લોકોને પછીથી હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઓછામાં ઓછા ૧૫ અન્ય ઘાયલ થયા હતા. લગભગ ૭૦૦ લોકોને કામચલાઉ આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા હતા.

રેકોર્ડ દર્શાવે છે કે આ હાઉસિંગ કોમ્પ્લેક્સમાં આઠ બ્લોક હતા જેમાં આશરે ૨,૦૦૦ એપાર્ટમેન્ટ હતા જેમાં આશરે ૪,૮૦૦ લોકો રહેતા હતા. આગની જ્વાળાઓ અને ધુમાડો ઝડપથી વાંસના માચડા અને હાઉસિંગ કોમ્પ્લેક્સની બહાર બાંધવામાં આવેલી કન્સ્ટ્રક્શન નેટમાં ફેલાઈ ગઈ હતી.

ઘટનાસ્થળના વિડિયોમાં ઘણી ઇમારતો એકબીજાની નજીક સળગતી દેખાઈ રહી છે. રાત પડતાં જ અનેક એપાર્ટમેન્ટની બારીઓમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટા નીકળતા દેખાઈ રહ્યા છે. ફાયરબ્રિગેડના કર્મચરી આગ પર કાબૂ લેવાના ભારે પ્રયાસ કરી રહ્યાં છે.

ફાયર સર્વિસ વિભાગે જણાવ્યું હતું કે આગ બપોરે લાગી હતી અને અધિકારીઓએ તેને અંધારા પછી લેવલ ૫ એલાર્મ સુધી વધારી દીધી હતી જે સૌથી વધુ ગંભીરતાનું લેવલ છે. મોડી રાત સુધી જ્વાળાઓ ભડકતી રહી. ૧૨૮ ફાયર ટ્રક અને ૫૭ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. વિભાગના ડિરેક્ટર એન્ડી યાંગે પત્રકારોને જણાવ્યું હતું કે મૃતકોમાં એક ફાયર ફાઈટરનો સમાવેશ થાય છે અને બીજાને ગરમીના થાક માટે સારવાર આપવામાં આવી રહી છે.

# ૧ ડિસેમ્બરથી પાંચ મોટા નાણાકીય નિયમો બદલાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવેમ્બર મહિનો પૂરો થઈ રહ્યો છે ત્યારે, નવા મહિનાની શરૂઆતથી જ ઘણા મોટા નાણાકીય ફેરફારો અમલમાં આવવાના છે, જેની સીધી અસર તમારા ખિસ્સા પર પડી શકે છે. આ બદલાવોમાં એલપીજી ગેસ સિલિન્ડર, પેન્શન, ટેક્સ અને ફ્યુઅલ સંબંધિત નિયમો સામેલ છે. ૧ ડિસેમ્બરથી કુલ ૫ મોટા નિયમો બદલાઈ રહ્યા છે. એવામાં જાણીએ કે આ ફેરફારો તમારા ખર્ચ પર કેવી અસર કરશે.




સરકાર દ્વારા એલપીજીના ભાવમાં ફેરફાર થતા રહે છે. આ ફેરફાર કોમર્શિયલ તેમજ રસોઈ ગેસ સિલિન્ડર બંને માટે લાગુ પડે છે. જોકે, નવેમ્બરમાં તેલ કંપનીઓએ માત્ર કોમર્શિયલ ગેસ સિલિન્ડરના રેટ બદલ્યા હતા, જ્યારે રસોઈ ગેસની કિંમતોમાં લાંબા સમયથી કોઈ ફેરફાર થયો નથી. ૧ નવેમ્બરના રોજ ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં રૂ. ૬.૫૦નો ઘટાડો કરવામાં આવ્યો હતો.

સરકારી કર્મચારીઓ માટે યુનિફાઇડ પેન્શન સ્કીમ(UPS) પસંદ કરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર નક્કી કરવામાં આવી છે, જે અગાઉ ૩૦ સપ્ટેમ્બર હતી. કોઈપણ સરકારી કર્મચારી NPS(National Pension System) અને UPSમાંથી કોઈ એક વિકલ્પ પસંદ કરી શકે છે. તેથી, જો કોઈ કર્મચારી આ બંનેમાંથી કોઈ એક યોજના પસંદ કરવા માંગતો હોય, તો તેણે ૩૦ નવેમ્બર પહેલાં આ પ્રક્રિયા પૂરી કરવી આવશ્યક છે. ૧ ડિસેમ્બર પછી આ તક કદાચ ઉપલબ્ધ નહીં થાય.


સીનિયર સિટીઝન્સને પેન્શનનો લાભ નિર્વિઘ્ને ચાલુ રાખવા માટે, લાઈફ સર્ટિફિકેટ જમા કરાવવું ફરજિયાત છે. લાઈફ સર્ટિફિકેટ જમા કરાવવા માટેની છેલ્લી તારીખ ૩૦ નવેમ્બર છે. જો કોઈ વ્યક્તિ આ સમયમર્યાદામાં લાઈફ સર્ટિફિકેટ જમા કરાવી શકશે નહીં, તો તેનું પેન્શન અટકી શકે છે.

જો તમારી ઑક્ટોબર મહિનામાં TDS(Tax Deducted at Source)ની કપાત થઈ હોય, તો તમારે સેક્શન 194-IA, 194-IB, 194M અને 194S હેઠળ સ્ટેટમેન્ટ જમા કરાવવું પડશે, જેની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર નક્કી કરાઈ છે. આ ઉપરાંત, જે કરદાતાઓને સેક્શન 92E હેઠળ રિપોર્ટ જમા કરાવવાનો છે, તેઓ પણ ૩૦ નવેમ્બર સુધીમાં આ કામ પૂરું કરી શકે છે.

ઓઈલ કંપનીઓ દર મહિને એલપીજીની સાથે જ CNG (કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ), PNG (પાઈપ્ડ નેચરલ ગેસ) અને ATF (એવિએશન ટર્બાઈન ફ્યુઅલ)ના ભાવમાં પણ ફેરફાર કરે છે. આ મહિને પણ એલપીજીની સાથે સીએનજી, પીએનજી અને જેટ ફ્યુઅલ(ATF )ના ભાવ બદલાઈ શકે છે. ATF ને જેટ ફ્યુઅલ પણ કહેવામાં આવે છે, જે એક ઝડપી ઈંધણ છે. તેના ભાવ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને માટે અલગ-અલગ હોય છે.

# વ્હાઈટ હાઉસની નજીક ગોળીબારઃ બે ગાર્ડને ઈજા

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**




વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્રના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યાં રહે છે તેનાથી થોડા જ અંતરે ગોળીબાર થયો છે. વોશિગ્ટન ડીસીમાં વ્હાઈટ હાઉસથી થોડી જ શેરીઓમાં આ ગોળીબાર થયો હતો. ગોળીબારમાં ઓછામાં ઓછા ત્રણ લોકો ઘાયલ થયા હતા, જેમાં બે નેશનલ ગાર્ડ સભ્યોનો સમાવેશ થાય છે. આ ઘટના સ્થાનિક સમય મુજબ બપોરે ૨૩૦ વાગ્યે બની હતી. બે ઘાયલ નેશનલ ગાર્ડ સભ્યોને અલગ અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વેસ્ટ વર્જિનિયાના ગવર્નર પેટ્રિક મોરિસીએ શરૂઆતમાં ટ્વિટર પર પોસ્ટ કર્યું હતું કે બે નેશનલ ગાર્ડ સભ્યો મૃત્યુ પામ્યા છે. જોકે, તેમણે પાછળથી તેમની પોસ્ટ ડિલીટ કરી દીધી હતી. મેટ્રોપોલિટન પોલીસ વિભાગે અહેવાલ આપ્યો હતો કે ગોળીબાર વ્હાઈટ હાઉસ નજીક થયો હતો. ઘટના પછી તરત જ, વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. એસોલ્ટ રાઈફલ્સથી સજ્જ અધિકારીઓ અનેક બ્લોકમાં ફેલાયેલા હતા અને સમગ્ર વિસ્તારને સીલ કરી દીધો હતો. અમેરિકામાં રાષ્ટ્રપતિ નિવાસસ્થાન વ્હાઈટ હાઉસથી થોડા અંતરે બે નેશનલ ગાર્ડ સૈનિકોને ગોળી વાગી હતી. બંને સૈનિકો રાષ્ટ્રની રાજધાની વોશિગ્ટન ડીસીમાં તૈનાત વેસ્ટ વર્જિનિયા નેશનલ ગાર્ડના સભ્યો હતા. એફબીઆઈના ડિરેક્ટર કાશ પટેલ અને વોશિંગ્ટનના મેયર મુરિયલ બોવ્સરે જણાવ્યું હતું કે ગાર્ડ સભ્યોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર છે. બોવ્સરે જણાવ્યું હતું કે નેશનલ ગાર્ડના સભ્યોને આડેધડ ગોળી વાગી હતી. યુએસ પ્રમુખ ટ્રમ્પે પણ ગોળી વાગીને લઈને એક નિવેદન બહાર પાડ્યું હતું,

# કોમનવેલ્થ ગેમ્સ બાદ ઓલમ્પિક ૨૦૩૬ માટે અમદાવાદની દાવેદારી



ભારતીય અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે, ૨૦30 કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદને યજમાન જાહેર કરવામાં આવ્યા બાદ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમયપત્રક પહેલાં તૈયાર થઈ જશે, આયોજકો ઓક્ટોબરમાં રમતોનું આયોજન કરવા માંગે છે.કોમનવેલ્થ ગેમ્સ ની યજમાની મળ્યાં બાદ હવે ૨૦૩૬ માં યોજાનારા ઓલિમ્પિક માટેની દાવેદારી વધુ મજબૂત બની છે. ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ પી.ટી. ઉષાના નેતૃત્વ હેઠળના ભારતીય ટુકડીએ જણાવ્યું હતું કે ૨૦૧૦ દિલ્હી ગેમ્સની તૈયારીઓમાં ''કેટલાક પડકારો''નો સામનો કરવા માટે દેશ આ વખતે સારી રીતે તૈયાર છે.

# દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં તાપમાનનો પારો ગગડયો

## હિમાચલમાં બરફવર્ષાઃ પાર્વતીકુંડ થીજી ગયો



**મુખ્ય સમાચાર, ધારચૂલા**

લગભગ ૧૪ હજાર ફિટની ઉંચાઈ પર આવેલ જયોલિંગ કાંગમાં આદિ કૈલાસમાં પડી રહેલી કડકડતી ઠંડીના કારણે પાર્વતી અને ગૌરી કુંડનુ પાણી જામી ગયું છે. કુંડના થીજેલા પાણી પર એક સ્થાનિક શ્રદ્ધાળુની ચહલ પહલનો એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે.

સીમાંત પિથોરાગઢ જિલ્લામાં તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. બુધવારે અહી અધિકતમ ૨૩ ડિગ્રી સેલ્સીયસ તેમજ ન્યુનતમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સીયસ રહ્યું. આદિ કૈલાસ સ્થિત શિવ-પાર્વતી મંદિરના કપાટ ગત પાંચ નવેમ્બરે બંધ થઈ ગયા હતા.

આદિ કૈલાસ દર્શન અને ઓમ પર્વત દર્શન માટે લોકો હજુ પણ સીમાંત પહોંચી રહ્યા છે. તાપમાનમાં ઘટાડાના કારણે તેમણે પાર્વતી કુંડનું પાણી જામેલું જાણ્યું. સ્થાનિકોએ જણાવ્યું કે રાત્રે અહીનું તાપમાન માઈનસ ૮થી૧૦ ડિગ્રી સેલ્સીયસ સુધી પહોંચી રહ્યું છે.

શ્રીનગરમાં ઋતુની સૌથી ઠંડી રાત નોંધાઈઃ શ્રીનગરમાં બુધવારે ઋતુની સૌથી ઠંડી રાત નોંધાઈ હતી. અહીં તાપમાન શૂન્યથી ૩.૯ ડિગ્રી સેલ્સીયસ રહ્યું. અધિકારીઓએ જણાવ્યું કે ખીણમાં મોટાભાગની જગ્યાઓ તાપમાનનો પારો શૂન્યથી નીચે ચાલ્યો ગયો છે. સ્થાનિક હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે શ્રીનગરમાં ગઈકાલે રાત્રે તાપમાન આ ઋતુના સામાન્યથી ૪ ડિગ્રી સેલ્સીયસ ઓછું હતું.

બે ડિસેમ્બર સુધી શુષ્ક હવામાનઃ દક્ષિણ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં આવેલ કોનિબલ ખીણ સૌથી ઠંડો વિસ્તાર રહ્યો જયાં તાપમાન શૂન્યથી ૫.૫ ડિગ્રી સેલ્સીયસ નીચે નોંધાયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે પહેલગામ ટુરિસ્ટ રિસોર્ટમાં ન્યુનતમ તાપમાન શૂન્યથી ૪.૬ ડિગ્રી સેલ્સીયસ ઓછુ નોંધાયું.

જયારે ગુલમર્ગમાં ન્યુનતમ તાપમાન શૂન્ય ડિગ્રી સેલ્સીયસ રહ્યું. હવામાન વિભાગે પુરા કાશ્મીરમાં મુખ્યત્વે શુષ્ક હવામાન રહેવાનું અનુમાન દર્શાવ્યું છે અને રાતના તાપમાનમાં વધુ ઘટાડાની સંભાવના વ્યક્ત કરી છે.

# ધરમપુર નજીક ત્રણ દિવસની ચિંતન શિબીર શરૂઃ મુખ્યમંત્રી અને પ્રધાનોએ વંદેભારતમાં મુસાફરી કરી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

વલસાડ જિલ્લાના ધરમપુર નજીક શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે શરૂ થયેલી ચિંતન શિબિર માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો તેમજ ઉચ્ચ અધિકારીઓએ વહેલી સવારે અમદાવાદ રેલવે સ્ટેશન ખાતેથી વંદે ભારત સુપરફાસ્ટ ટ્રેનમાં સામૂહિક પ્રવાસરૂપે પ્રસ્થાન કર્યું હતું.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્ય વહીવટને વધુ નાગરિક કેન્દ્રિત બનાવી, તેની અસરકારકતામાં વધારો કરવાના હેતુથી વર્ષ ૨૦૦૩થી ચિંતન શિબિરની શરૂઆત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આ પરંપરાને આગળ ધપાવતા પ્રશાસનિક સમયાનુરૂપ ટેકનોલોજી અને પારદર્શકતા સાથે સંવેદનશીલતાની નવી દિશા આપવા આ વર્ષે 'સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ'ની થીમ સાથે ચિંતન શિબિરની ૧૨મી કડીનું આયોજન કર્યું છે.

આ શિબિરમાં સહભાગી થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો તેમજ મુખ્યસચિવ મનોજ કુમાર દાસ સહિત રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ-સૌ કોઈ પોતાના સરકારી વાહનને બદલે ભારતીય રેલ સેવાની 'વંદે ભારત' સુપરફાસ્ટ ટ્રેનમાં સહપ્રવાસી બનીને અમદાવાદથી રવાના થયા હતા. આ શિબિરમાં ૨૪૧ ઉચ્ચ અધિકારીઓ સામેલ થયા છે.

સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ ની થીમ સાથે 'વિકસિત ભારત - વિકસિત ગુજરાત'ના નિર્માણ માટે વિચારોનું શેરિંગ કરાશે. આ વિચારવિમર્શ આવનારા સમયમાં ગુજરાતના વિકાસ, લોકાભિમુખ વહીવટ અને જનકલ્યાણની દિશામાં ખૂબ ઉપયોગી બની રહેશે.

# મોરબીમાં શહેરી વિસ્તારોમાં ખાસ સફાઈ ઝુંબેશ અંતર્ગત મનપા તંત્રની ક્લસ્ટર મુલાકાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ ક્લસ્ટર નં. ૫ માં સફાઈ કર્મચારીઓની હાજરી ચકાસી વિવિધ વિસ્તારોમાં જીવીપી પોઈન્ટ તથા ડોર-ટુ-ડોર સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા અનેક વિસ્તારોમાં નાળાની સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી. તેમજ આજરોજ તા.૨૭ નવેમ્બરે ઉમા ટાઉનશીપ બ્લડ ડોનેશન એસો. સાથે મળીને મહાપાલિકાએ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કર્યું છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ મ્યુનિ.કમિશ્નર તથા નાયબ કમિશ્નર સહિતના અધિકારીઓ દ્વારા ક્લસ્ટર



નં. ૫ ની મુલાકાત લેવામાં આવી હતી. ક્લસ્ટરમાં નિયુક્ત સફાઈ કર્મચારીઓની હાજરી ચકાસણી કરવામાં આવી હતી. સાથે જ આનંદનગર, ચામુંડા નગર અને જંગલેશ્વર મહાદેવ ગેટ પાસે આવેલા જીવીપી પોઈન્ટો તેમજ ડોર-ટુ-ડોર કચરો સંગ્રહ કામગીરીનું સ્થળ પર જઈ નિરીક્ષણ કરવામાં આવ્યું. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારો જેવા કે, આલાપ પાર્ક, લાતી પ્લોટ તળાવ, લીલાપર નજીકના વિસ્તારોમાં નાળાની સફાઈ કરવામાં આવી હતી. સાથે સાથે દર મંગળવારે યોજાતી અઠવાડિક ખાસ સફાઈ ઝુંબેશ અંતર્ગત કેશવાનંદ બાપુ આશ્રમ રોડથી વીસી ફાટક, કપિલા હનુમાન ચોકથી પંચાસર નાકા, શનાળા રોડ, રવાપર ચોકડીથી એસપી રોડ, આનંદનગર નાકાથી દલવાડી સર્કલ, શોભેશ્વર રોડ, લીલાપર ચોકડીથી રફાળેશ્વર રોડ, મહેન્દ્રનગર ગામમાં સફાઈ કરવામાં આવી હતી.

આ સિવાય મોરબી મહાનગરપાલિકાએ આવનાર એટલે કે આજે તા. ૨૭/૧૧/૨૦૨૫ ના રોજ સવારે ૯ વાગે, ઉમા ટાઉનશીપ બ્લડ ડોનેશન એસોસિયેશન સાથે સંકલન કરીને શ્રમદાન અને સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમાં એસપી ઓફિસ પાછળના માર્ગ ઉપર સફાઈ કામગીરી હાથ ધરાશે. શહેરની સ્વચ્છતા માટે વધુમાં વધુ નાગરિકો જોડાય તે માટે મહાનગરપાલિકા દ્વારા આહ્વાન કરવામાં આવ્યું છે. તેમ યાદીમાં જણાવ્યુ છે.

# મોરબી ન્યાયમંદિરે ૭૬મો બંધારણ દિવસ ભવ્ય રીતે ઉજવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી બાર એસોસિએશન, ડીજીપી ઓફિસ અને ડીએલએસએના સંયુક્ત ઉપક્રમે મોરબી ન્યાયમંદિરમાં ૭૬મો બંધારણ દિવસ ઉજવાયો હતો. ન્યાયાધીશો, ધરાશાસ્ત્રીઓ અને અધિકારીઓની ઉપસ્થિતીમાં બંધારણના આમુખનું પઠન કરવામાં આવ્યું અને બંધારણના હકો, ફરજો અને જવાબદારીઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોરબી સહિત સમગ્ર દેશમાં ૨૬ નવેમ્બર બંધારણ દિવસ તરીકે ઊજવાતો આવ્યો છે. તે અનુસંધાને મોરબી ન્યાયમંદિરમાં આજે મોરબી જીલ્લા બાર એસોસિએશન, ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોસિક્યુશન (DGP





Office) તથા ડીએલએસએના સંયુક્ત ઉપક્રમે ૭૬મો બંધારણ દિવસ ભવ્ય રીતે ઉજવાયો હતો. આ તકે મોરબી ડીજીપી વિજય જાનીએ માહિતી આપતા જણાવ્યું કે વર્ષ ૨૦૧૫થી ૨૬ નવેમ્બરના દિવસને રાષ્ટ્રીય બંધારણ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ત્યારથી દર વર્ષે દેશભરમાં કાનૂની ક્ષેત્ર સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓ દ્વારા વિશેષ કાર્યક્રમો યોજી બંધારણ પ્રત્યેની પ્રતિબદ્ધતા મજબૂત બનાવવામાં આવે છે. મોરબીમાં પણ ડીઓપીના આદેશ અનુસાર ડીજીપી ઓફિસ, ડીએલએસએ અને બાર એસોસિએશનના સહકારથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન મોરબી જીલ્લાના તમામ ન્યાયાધીશો, પ્રોસિક્યુશન વિભાગના અધિકારીઓ, તેમજ સિનિયર-જુનિયર ધરાશાસ્ત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. શરૂઆતમાં સૌએ સમૂહમાં એકસાથે બંધારણના આમુખનું વાચન કરી બંધારણ પ્રત્યે ભાવ વ્યક્ત કર્યા પછી અલગ અલગ વક્તાઓએ બંધારણમાં આવરી લેવાયેલા મૂળભૂત અધિકારો, મૂળભૂત ફરજો, અને નાગરિક તરીકેની જવાબદારીઓ વિશે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ બંધારણના મૂલ્યોને સમાજ સુધી પહોંચાડવાનો અને કાનૂની જાગૃતિ વધારવાનો હતો.

# જામનગરના નવા ફલાયઓવરના પીલરના ઈલેક્ટ્રીક કેબલમાં લાગી આગ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રૂ.૨૨૬.૯૯ કરોડના ખર્ચે બનેલા અદ્યતન ફલાય ઓવરમાં આજે સવારે સાતરસ્તા સર્કલમાં આવેલા પીલરમાં એકાએક આગ ભભૂકી ઉઠી હતી, તાત્કાલીક અસરથી ફાયર બ્રિગેડના જવાનોએ દોડી આવીને આ આગને બુઝાવી દીધી હતી, લોકોના કહેવા મુજબ જે ક્ધસલીંડ વાયર બહાર દેખાય છે તેને અન્ડરગ્રાઉન્ડ નાખવામાં આવ્યા હોય તો આ પ્રકારના બનાવો ન બને. આટલો બધો ખર્ચો થયો છે ત્યારે બ્રિજમાં બહાર દેખાતા વાયરોથી આજે આગ લાગી છે, ત્યારે આ અંગે વિચારવાની પણ જરૂર છે, આ બ્રિજ પર અકસ્માત પણ થયો હતો, જો વાહન ચાલકો સાવચેતી નહીં રાખે તો આ પ્રકારના અકસ્માતો પણ થતાં રહેશે.

# જામનગરમાં સંવિધાન દિવસની ભાજપ દ્વારા ઉજવણી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ભારતમાં દર વર્ષે ૨૬ નવેમ્બરના બંધારણ (સંવિધાન) દિવસની ઉજવણી કરવામાં આવે છે, કારણ કે આ દિવસે ૧૯૪૯માં ભારતની બંધારણ સભાએ ભારતનું બંધારણ અપનાવ્યું હતું. આ બંધારણ સભાએ ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસની મહેનત પછી તા. ૨૬-૧૧-૧૯૪૯ ના બંધારણ અપનાવ્યું હતું. જામનગરમાં ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના લાલબંગલા સર્કલમાં મહાનગરપાલિકા કચેરીના પટાંગણમાં સ્થાપિત ડો. બાબા-સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે પહોંચ્યા હતાં, અને ડો. આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કર્યા હતાં.આ કાર્યક્રમમાં મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, શહેર ભાજપ અધ્યક્ષા બિનાબેન કોઠારી, ધારાસભ્ય દિવ્યેશ અકબરી,વિજય પરમાર ભાજપના સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકરો વિગેરે જોડાયા હતાં.

# શારીરિક અશક્ત વૃદ્ધાનો પરિવાર સાથે મેળાપ કરાવતી જામનગરની ૧૮૧ અભયમ ટીમ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ૧૮૧ અભયમ ટીમે મંદિરે દર્શનાર્થે જતાં ભૂલા પડેલા અને શારીરિક અશક્ત એવા એક નિઃસહાય વૃદ્ધાને મદદ કરીને તેમના પરિવારજનો સાથે મેળાપ કરાવી સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.એક જાગૃત નાગરિક દ્વારા પેટ્રોલ પંપ પાસે બેસેલા આ નિઃસહાય વૃદ્ધ મહિલા માટે ૧૮૧ અભયમ ટીમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ જાણ થતાં જ તાત્કાલિક ધોરણે ૧૮૧ ટીમનાં કાઉન્સેલર રૂપલ મકવાણા, મહિલા કોન્સ્ટેબલ ગીતાબેન ધરવિયાં અને ડ્રાઈવર સુરજીતભાઈ વાઘેલા સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

ત્યાં પહોંચીને ટીમે સૌપ્રથમ ૭૫ વર્ષની ઉંમર ધરાવતા આ વૃદ્ધાને હૂંફ આપીને ભાવનાત્મક ટેકો પૂરો પાડ્યો અને કાઉન્સેલિંગ કરતાં જાણવા મળ્યું કે વૃદ્ધા મંદિર જવા માટે રિક્ષામાં બેઠા હતા પરંતુ રિક્ષાચાલક તેમને બીજા રસ્તે ઉતારીને જતો રહ્યો હતો. નબળી યાદશક્તિના કારણે તેઓ રસ્તો ભૂલી ગયા હતા. આ વૃદ્ધા માત્ર પોતાનું નામ અને દીકરાનું નામ જ જણાવી શકતા હતા તેમજ રહેઠાણના વિસ્તારની તૂટક અને અપૂરતી માહિતી જ આપી શકતા હતા. અભયમ ટીમે તેમની કુશળતાનો ઉપયોગ કરીને વૃદ્ધા દ્વારા આપવામાં આવતી તૂટક માહિ-તીના આધારે આસપાસના વિસ્તારોમાં સઘન પૂછપરછ શરૂ




કરી હતી. આ ઉપરાંત, સોશિયલ નેટવર્કિંગનો ઉપયોગ કરીને પણ તેમના પરિવારજનોની શોધખોળ કરવામાં આવી જેમાં એક વ્યક્તિ દ્વારા વૃદ્ધાની ઓળખ થતાં જ ટીમે તેમના.પરિવારજનોનો સંપર્ક કર્યો.પરિવારજનોએ ૧૮૧ ટીમને જણાવ્યું કે, તેમના બા સવારથી ઘરેથી નીકળી ગયા હતા અને તેમને પરત ફરવાનો રસ્તો યાદ ન હોવાથી તેઓ બધા સવારથી જ તેમની શોધખોળ કરી રહ્યા હતા.અભયમ ટીમે વૃદ્ધ મહિલાનું તેમના પરિવારજનો સાથે સફળતાપૂર્વક મિલન કરાવ્યું હતું. માતાને સુરક્ષિત જોઈને પરિવારજનોએ જામનગરની ૧૮૧ અભયમ ટીમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. આ ઘટના દર્શાવે છે કે સંકટના સમયે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન મહિલાઓ અને વૃદ્ધો માટે એક અસરકારક સહારો બની રહી છે.

# મોરબીમાં પૂર્વ પત્ની અને સાસુએ ઘરમાં ઘૂસી હુમલો કરી ધમકીઓ આપી

## મૂળ મોરબીની હાલ રાજકોટ રહેતી બે મહિલાઓ વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધી કાર્યવાહી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના નાની કેનાલ રોડ પર રહેતા યુવકની ફરીયાદના આધારે દીકરાને મળવા દેવાના વિવાદમાં તેમની પૂર્વ પત્ની અને સાસુએ યુવક તથા તેના માતા-પિતા સાથે બોલાચાલી, મારામારી, ગાળો-ધમકી અને લાકડી વડે હુમલો કરવા બાબતે મોરબી સીટી એ-ડિવિઝન પોલીસે બન્ને આરોપી મહિલા વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, મોરબીના સી/૧૦૧ સનરાઈઝ વિલા નાની કેનાલ રોડ ખાતે રહેતા ધીરેનભાઈ ભૂદરભાઈ માકાસણા ઉવ.૩૬ દ્વારા મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના છૂટાછેડા લીધેલા પત્ની નિશાબેન રાજેશભાઈ દફતરી અને સાસુ રાજેશ્રીબેન રાજેશભાઈ દફતરી રહે. મોરબી અરૂણોદયનગર જૈન દેરાસરની સામે વાળા દ્વારા ઘરે આવી તેમની તથા તેમના પરિવારજનો સાથે બોલાચાલી, ગાળો-ધમકી અને મારામારી કરાયેલ હતી. ધીરેનભાઈની પત્ની નિશાબેન સાથે ઓળખાણને પગલે ૨૦૧૯માં કોર્ટ મેરેજ અને પછી પરિવારની સહમતીથી હિંદુ વિધી મુજબ લગ્ન થયા હતા. લગ્ન જીવનમાં પ્રથમ ચાર વર્ષ શાંતિપૂર્ણ રહ્યા હતા અને તેમને પક્ષાલ નામનો દીકરો થયો હતો. બાદમાં નિશાબેનના અન્ય વ્યક્તિ સાથેના સંબંધો હોવાની શંકાએ ઝઘડા શરૂ થયા અને અંતે વર્ષ ૨૦૨૪માં બન્નેએ છૂટાછેડા લીધા હતા. કોર્ટના હુકમ મુજબ દીકરાનો કબ્જો ફરીયાદી ધીરેનભાઈને મળ્યો હતો. દીકરાને મળવા મુદ્દે અગાઉ પણ પત્ની દ્વારા રાજકોટ મહિલા પોલીસ સ્ટેશન, યુનિવર્સિટી પોલીસ સ્ટેશન તેમજ કોર્ટમાં ઘણા કેસો નોંધાયા હતા. તે દરમિયાન મૈત્રી કરાર થયા બાદ થોડો સમય દંપતિ ફરી ભેગા રહ્યા પણ પછીથી ફરી નિશાબેનના જૂના પ્રેમીના સંબંધોને કારણે ઝઘડા વધી ગયા હતા.

આ દરમિયાન આજથી એક માસ પહેલા તા.૨૬/૧૦/૨૦૨૫ના રોજ આરોપી નીશાબેન અને તેની માતા મોરબીના કંડલા બાયપાસ પાસે દીકરાને મળી હતી તે દરમીયાન આરોપી નિશાબેન સાથે થયેલી બોલાચાલી બાદ તે અને તેની માતા રાજેશ્રીબેન ફરીયાદીના ઘેર આવી ગાળો-ધમકી આપી ઝગડો કર્યો હતો. લાકડી વડે કાર પર ઘા મારી ફરિયાદી ઉપર હુમલો કર્યો હતો. ઝપાઝપીમાં આરોપી નિશાબેન નીચે પડી જતાં વધુ ઉશ્કેરાઈ ફરીયાદીના પિતા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ બંને મહિલાઓ દ્વારા ફરીયાદી અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. હાલ મોરબી એ ડિવિઝન પોલીસે બન્ને મહિલા આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાના નાલીયા માંડવી નજીક જસરાજનગર પાસે મોટરસાયકલ ચોરાઈ જતા ફરિયાદ નોંધાઇ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નાલીયા માંડવી નજીક એક મોટર સાયકલ ચોરાઈ જતા નવાબંદર મરીન પોલીસમાં અરજદારે રજૂઆત કરી છે પ્રાત માહિતી અનુસાર અરજદાર સુમરા નજીર ઈબ્રાહીમ રહે નાલીયા માંડવી તેઓની જમીન જસરાજ નગર પાસે આવેલ હોય અને તેઓના ખેતર પાસે મોટરસાયકલ પાર્કિંગ કરી લેવો હોય ત્યાં અચાનક બપોરના સુમારે તે મોટરસાયકલ જીજે ૩૨. ૩૮૯૯ નંબરની મોટરસાયકલ ચોરાઈ જતા તેઓ તરત જ નવાબંદર મરીન પોલીસ સ્ટેશનને પહોંચ્યા તેઓએ રજૂઆત કરી તે રજૂઆતને આજે દસ દિવસ કરતા પણ વધુ સમય વીતી ગયા બાદ પણ હજી મોટરસાયકલનો અતો પતો નથી જ્યારે બીટ જમાદારને પૂછ્વામાં આવ્યું ત્યારે અમે તપાસ ચલાવી રહ્યા છે તેવું કહેવામાં આવ્યું પણ બપોરે દરમિયાન મોટરસાયકલ ચોરી થવી તે આજુબાજુ વિસ્તારમાં વસતા લોકો પર શંકા ઉપજે છે આ મોટરસાયકલ વહેલી તકે મળે તેવી અરજદારની રજૂઆત છે.

# હળવદમાં અપહરણ કેસના ૧૩ વર્ષથી ફરાર આરોપીને AHTU ટીમે ઝડપી પાડ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૧૩ના અપહરણ કેસમાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને મોરબી AHTU ટીમે ખાનગી માહિ-તીના આધારે સુરેન્દ્રનગરના લખતર ગામેથી આરોપી અને ભોગ બનનારને ઝડપી હસ્તગત કરી હળવદ પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

મોરબી જીલ્લા પોલીસ દ્વારા અપહરણ, ગુમ થયેલા બાળકો તથા સ્ત્રી અત્યાચાર સંબંધિત ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધવા માટે જીલ્લા પોલીસવડાની સુચના મુજબ AHTU ટીમ સતત કાર્યરત હોય, ત્યારે તહેવાર દરમ્યાન ખાનગીરાહે મળેલી ચોક્કસ માહિતી મુજબ, હળવદ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૩ માં નોંધાયેલ અપહરણના ગુનાનો આરોપી રવિભાઈ સુરેશભાઈ પુરબીયા રહે. લખતર જુના વાલમીકી વાસ તા. લખતર જી. સુરેન્દ્રનગર



છેલ્લા ૧૩ વર્ષથી નાસતો ફરતો હતો. આ માહિતી આધારે AHTU પીઆઇ એમ.બી. મિસ્ત્રી તથા સ્ટાફ દ્વારા તરત જ મળેલ બાતમી મુજબના સ્થળે તપાસ દરમિયાન લખતર વિસ્તામાંથી આરોપી રવિભાઈ પુરબીયાને ઝડપી પાડ્યો હતો. આ સાથે ભોગ બનનારને પણ હસ્તગત કરી આગળની કાર્યવાહી સબબ હળવદ પોલીસ મથકમાં બન્નેને સોંપી આપ્યા છે.

# મોરબી જીલ્લામાં સિંચાઈના ત્રણ મોટા કામોને મંજૂરી, ચેકડેમ સાથે અનેક તળાવોને મળશે કેનાલનું પાણી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી રાજકોટ સિંચાઈ વર્તુળ-મોરબી દ્વારા જીલ્લામાં કુલ ત્રણ મહત્વના સિંચાઈ પ્રોજેક્ટોને મંજૂરી આપી છે, જેમાં જેતપર-શાપર ખાતે ઘોડાધ્રોઈ નદી પર ચેકડેમ, મોટી બરાર-જસાપર તળાવ જોડાણ અને મેઘપર ગામના તળાવને એસ્કેપ દ્વારા પાણી પૂરવઠાનું કામ સમાવાયું છે. આ કાર્યો પૂર્ણ થતાં કુલ લગભગ ૭૫૦ હેક્ટરથી વધુ ખેતીલાયક જમીનને સિંચાઈનો સીધો લાભ મળશે અને ભૂગર્ભ જળસ્તર સુધરશે.

મોરબી જીલ્લામાં પાણી સંબંધી યોજનાઓને ગતિ આપવા માટે રાજકોટ સિંચાઈ વર્તુળ અને મોરબી સિંચાઈ વિભાગ દ્વારા ત્રણ મહત્વપૂર્ણ કામોને સરકાર તરફથી લીલી ઝંડી આપવામાં આવી છે. જેમાં પ્રથમ યોજના અંતર્ગત જેતપર-શાપર ગામે ઘોડાધ્રોઈ નદી પર ચેકડેમ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ ચેકડેમ માટે સરકારે રૂ.૨.૦૪ કરોડનું બજેટ ફાળવ્યું છે. આ ચેકડેમ આશરે ૧૦૩ મીટર લંબાઈનો હશે અને તેના કારણે ઉપરવાસમાં લગભગ ૧ કિલોમીટર જેટલો પાણીનો સંગ્રહ થશે. કુલ ૨.૯૦ પાણીની ક્ષમતા ધરાવતો આ ચેકડેમ ૨૧૨ ચો.કિમીના કેચમેન્ટ એરીયાને આવરી લેશે. તેની અસરથી જેતપર અને શાપર ગામની આશરે ૧૦૦ હેક્ટર ખેતીલાયક જમીનને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થઈ શકશે.

બીજી યોજનામાં મચ્છુ-૩ સિંચાઈ યોજનાની મુખ્ય કેનાલના છેવાડેથી માળિયા(મી) તાલુકાના મોટી બરાર અને જસાપર ગામના તળાવને ભરવાની કામગીરી માટે સરકારે રૂ. ૩.૦૩ કરોડની મંજુરી આપી છે. ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાની રજૂઆતને આધારે સ્વીકૃત આ કામથી મોટી બરાર, જસાપર, નાની બરાર, દેવગઢ અને જાજાસર જેવા પાંચ ગામોના તળાવો મુખ્ય કેનાલના છેવાડેથી પાઈપલાઈન દ્વારા એસ્કેપ સાથે જોડાશે. આ તળાવો ભરી શકાશે તે પછી આ વિસ્તારમાં લગભગ ૫૦૦ હેક્ટર જેટલી ખેતીલાયક જમીનને સતત સિંચાઈનો લાભ મળી શકે છે, જે ખેડૂતોના ખેતી ખર્ચમાં ઘટાડો તથા ઉત્પાદનક્ષમતામાં વધારો કરશે.

ત્રીજી યોજના મુજબ મચ્છુ-૩ સિંચાઈ યોજનાની માઈનોર કેનાલના એસ્કેપમાંથી બાકી રહેલું એક કામ પૂર્ણ કરવા માટે પણ સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી છે. જેમાં એમટુઆર માઈનોર કેનાલના છેવાડેથી પાણીના નિકાલ માટે એસ્કેપનું કામ કરીને માળિયા તાલુકાના મેઘપર ગામના તળાવને પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. આ કામ માટે રૂ.૫૦.૬૫ લાખનો ખર્ચ નિર્ધારિત કરવામાં આવ્યો છે. તળાવમાં પૂરતું પાણી સંગ્રહ થવાથી આસપાસની આશરે ૧૫૦ હેક્ટર જમીનને સિંચાઈનો સીધો લાભ મળશે. સાથે ગામના કુવાઓ ચાર્જ થશે, જમીનના પાણીના તળમાં વધારો થશે અને લાંબા ગાળે પાણીની અછત દૂર કરવામાં મદદરૂપ થશે.

# મોરબીના ખાખરાળા ગામે બંધ ઓઈલમિલના શેડ માંથી ૧૫૦ મણ જીરુની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ખાખરાળા ગામે બંધ પાડેલ ઓઈલમિલના શેડમાં ખેડૂત દ્વારા રાખવામાં આવેલ ૧૭૫ મણ જીરુંના જથ્થામાંથી ૧૫૦ મણ જીરું કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ચોરી કરી લઈ ગયા અંગે મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે અજાણ્યા આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત અનુસાર, મોરબીના શનાળા રોડ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં એલ-૮૩૧ માં રહેતા મૂળ પીપળીયા તા મોરબીના વતની હસમુખભાઈ લક્ષ્મણભાઈ કોઠીયા ઉવ.૫૫ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં ચાર મહિના અગાઉ થયેલ જીરાની ચોરી અંગે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જે ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી ખેડૂત હસમુખભાઈને ચાચાવદરડા અને પીપળીયા ગામે કુલ ૧૯ વિઘા જમીન છે. તેમજ પીપળીયા ખાતે તેમના ભાઈની ૧૦ વિઘા જમીનમાં ગત સાલ જીરુંનું વાવેતર કર્યું હતું. જેમાં કુલ ૧૭૫ મણ જીરું થયેલ જેમાંથી મધ્યપ્રદેશના ખેતશ્રમિક ભાગીયાને તેનો ભાગ રૂપિયા લેખે આપી દીધો હતો. ત્યારે તૈયાર થયેલ જીરું રાખવા માટે ફરિયાદી પાસે જગ્યા ન હોય જેથી તેઓએ તેમના બનેવી ભગવાનજીભાઈ ભવાનભાઈ સદાતીયાની ખાખરાળા ખાતે આવેલ બંધ ઓઈલમિલના શેડમાં આ ૧૭૫ મણ જીરુનો જથ્થો ત્યાં રાખ્યો હોય, ત્યારે ગત તા.૦૧/૦૭/૨૦૨૫ થી ૨૪/૦૭/૨૦૨૫ વચ્ચેના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમો આ જીરુંના જથ્થાનથી ૧૫૦ મણ જીરું ભરેલ બેગ ચોરી કરીને લઈ ગયા હતા. હાલ ખેડૂત હસમુખભાઈની ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે આરોપી અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અયોધ્યામાં ધર્મ ધ્વજા લહેરાતા મોરબી વિશ્વ હિંદુ પરિષદ-બજરંગ દળ દ્વારા આનંદોત્સવ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ભગવાન શ્રી રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર, અયોધ્યામાં મંદિરના શિખર ઉપર ધર્મ ધ્વજા લહેરાતા મોરબીમાં વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ અને દુર્ગાવાહિની દ્વારા નગરદરવાજા ચોક ખાતે ફટાકડા, આતશબાજી અને પ્રસાદ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

ગઈકાલ તા. ૨૫/૧૧/૨૦૨૫ના રોજ અયોધ્યા સ્થિત શ્રી રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર ખાતે ભગવાન શ્રી રામ મંદિરના શિખર ઉપર ધર્મ ધ્વજા લહેરાવવામાં આવી હતી. હિંદુ સમાજના ૫૦૦ વર્ષના સંઘર્ષને પૂર્ણ કરી રામમંદિર નિર્માણના આ



ઐતિહાસિક અવસરને વિશ્વભરમાં હર્ષ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. ધર્મ ધ્વજાના આ વિજયોત્સવને હિંદુ સમાજે ઐતિહાસિક દિવસ તરીકે નિમિત્ત બનાવી ભાર-તીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક ગૌરવનું પ્રતિક ગણાવ્યું છે. આ ઐતિહાસિક ઘટના અનુસંધાને મોરબી વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ, દુર્ગાવાહિની તેમજ માતૃશક્તિ દ્વારા આજરોજ ૨૬/૧૧/૨૦૨૫, બુધવારના રોજ સાંજે ૭ થી ૮ વાગ્યા સુધી નગરદરવાજા ચોક ખાતે આનંદોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ફટાકડાની આતશબાજી દ્વારા આનંદની ઉજવણી કરવામાં આવી અને પ્રસાદ સ્વરૂપે તમામના મોઢા મીઠા કરાવવામાં આવ્યા હતા. ત્યારે આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ તેમજ હિંદુ સમાજના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના નેક્સસ સિનેમા ખાતે આગની ઘટનાઃ મોકડ્રિલ યોજાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-કંડલા બાયપાસ રોડ સ્થિત નેક્સસ સિનેમા ખાતે આગ લાગ્યાની ઘટના અંગે મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાયર કંટ્રોલ રૂમને સાંજે ૭ વાગ્યે મળેલા કોલ બાદ ફાયર બ્રિગેડની ટીમ માત્ર ૧૨ મિનિટમાં સ્થળે પહોંચી રેસ્ક્યુ તથા ફાયર ફાઈટિંગની કાર્યવાહીને સફળતાપૂર્વક અંજામ આપી સફળ મોકડ્રિલ દ્વારા સિનેમા સ્ટાફ અને લોકોમાં સુરક્ષા જાગૃતિ લાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોરબીમાં ગઈકાલ તા. ૨૫/૧૧/૨૦૨૫ના રોજ મોરબી-કંડલા બાયપાસ રોડ, નવલખી ફાટક પાસે આવેલા નેક્સસ સિનેમાના સંચાલક દ્વારા સ્ક્રીન-૨માં આગ લાગ્યાની ઘટના અંગે સાંજે ૭૦૦ કલાકે મોરબી ફાયર કંટ્રોલ રૂમમાં કોલ કરીને જાણ કરવામાં આવી હતી. કોલ મળતા જ મોરબી ફાયર વિભાગ તાત્કાલિક સક્રિય બની માત્ર ૧૨ મિનિટમાં ફાયર ફાઈટર તથા તમામ






આધુનિક સાધનો સાથેની ટીમ સ્થળે પહોંચી ગઈ હતી. ટીમે ત્યાં હાજર બધા સ્ટાફ અને દર્શકોને સલામત સ્થળે ખસેડ્યા તેમજ ૦૨ કેઝ્યુલિટીઓને બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં મોકલ્યા હતા. ત્યારબાદ ફાયર ફાઈટીંગની કામગીરી કરીને આગ પર સંપૂર્ણ કાબુ મેળવવામાં આવ્યો હતો.

ચીફ ફાયર ઓફિસરે જણાવ્યું કે, આ સમગ્ર કાર્યવાહી મોકડ્રિલ હોવાનું જાહેર કરતાં હાજર લોકોમાં રાહત જોવા મળી હતી. સિનેમા સ્ટાફે પણ સમગ્ર પ્રક્રિયામાં પૂરતો સહકાર આપ્યો હતો. આ મોકડ્રિલનો મુખ્ય હેતુ આગ જેવી અચાનક આપત્તિ સમયે કેવી રીતે લોકોનો બચાવ કરવો, પ્રાથમિક પગલાં કેવી રીતે લેવા અને કેઝ્યુલિટીને કેવી રીતે રેસ્ક્યુ કરવી તે બાબતે જનજાગૃતિ ફેલાવવાનો હતો.

# વર્ષાઋતુ દરમિયાન રાજકોટ જિલ્લાના વિવિધ ક્ષેત્રોમાં થયેલી નુકસાનીનો તાગ મેળવતી કેન્દ્રીય ટુકડી

## ખેતી, માર્ગ મકાન, પી.જી.વી.સી.એલ. વગેરે વિભાગોને થયેલા નુકસાનથી ટીમ મેમ્બર્સ માહિતગાર થયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ખેતી, માર્ગ-મકાન, પી.જી.વી.સી.એલ. વગેરે ક્ષેત્રોમાં વર્ષાઋતુ-૨૦૨૫ દરમિયાન થયેલી નુકસાનીનો તાગ મેળવવા માટે કેન્દ્રિય સચિવ કક્ષાની ટીમ રાજકોટ ખાતે આવી હતી અને વિવિધ ક્ષેત્રોમાં થયેલી નુકસાનીની સવિસ્તર વિગતો મેળવી હતી.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં અધિક કલેક્ટર એ.કે.ગૌતમે કેન્દ્રીય ટીમના સભ્યોને આવકાર્યા હતા. કૃષિ, માર્ગ-મકાન, પી.જી.વી.સી.એલ. વગેરે વિભાગોએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વરસાદના કારણે થયેલ નુકસાનીની વિગતો રજૂ કરી હતી.

કેન્દ્રીય સચિવોએ ખેતી વિશેની તમામ સ્થાનિક જાણકારી ઉપસ્થિત સરકારી વિભાગોના અધિકારીઓ પાસેથી મેળવી હતી. ઓચિંતા વરસાદની પરિસ્થિતિમાં કપાસ અને મગફળીના પાકને બચાવવાના ઉપાયો વિષે કૃષિ વિભાગ દ્વારા કરાયેલી પ્રચાર-પ્રસારની કામગીરીની જાણકારી પણ ટીમના સભ્યોએ મેળવી હતી. રાજકોટ જિલ્લાની કૃષિ ક્ષેત્રની સાંપ્રત પરિસ્થિતિ, જિલ્લામાં લેવાતા ઋતુ પ્રમાણેના રોકડિયા તથા અન્ય કૃષિ પાકો, કૃષિ સંલગ્ન ઉદ્યોગો, કૃષિ ક્ષેત્ર માટે ઉપલબ્ધ આંતર માળખાકીય સવલતો, ગોંડલ-ઉપલેટા પંથકમાં કાર્યરત એમ.એસ.એમ.ઈ.(સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો), ખેતીને મુખ્ય વ્યવસાય તરીકે અપનાવતા ખેડૂતોની સામાજિક પરિસ્થિતિ વગેરે વિશે કેન્દ્રીય ટીમે ઉપસ્થિત વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ સાથે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

ટીમ મેમ્બર્સ માર્ગ અને મકાન વિભાગ હેઠળના માઈનોર બ્રીજ, એપ્રોચ રોડ, ડાઈવર્ઝન વગેરેને થયેલા નુકસાનથી માહિતગાર થયા હતા. પી.જી.વી.સી.એલ.ના ટ્રાન્સફોર્મર્સ, વીજ થાંભલાઓ તથા વીજ લાઈનોને થયેલા નુકસાનની પણ વિગતો જાણી હતી. આંગણવાડી, સરકારી શાળા પરિસર વગેરેને થયેલા નુકસાન વિશે પણ સભ્યોએ જાણ્યું હતું. અને અણચિંતવી પરિસ્થિતિનો આયોજનબદ્ધ સામનો કરવા બદલ જિલ્લા વહીવટી તંત્ર તથા તમામ સરકારી વિભાગના અધિકારીઓની સરાહના કરી હતી.

કેન્દ્રીય ટીમ તથા સંબંધીત વિભાગોના અધિકારીઓ આજે રાજકોટ જિલ્લાના વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે અને કમોસમી વરસાદથી થયેલા નુકસાન અંગે રૂબરૂ નિરીક્ષણ કરી જાણકારી મેળવી હતી.

આ મુલાકાતમાં કેન્દ્રીય ગૃહ વિભાગના સંયુક્ત સચિવ અરવિંદ ખરે, કેન્દ્રીય નાણાં વિભાગના નાયબ સચિવ કંદર્પ પટેલ, કેન્દ્રીય ગ્રામ વિકાસ વિભાગના ઉપસચિવ આર.ક્રીશ્નાકુમારી, રાજ્યના રાહત વિભાગના નિયામક એસ.સી.સાવલીયા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, કાર્યપાલક ઇજનેર એસ.આર.પટેલ, સંયુક્ત કૃષિ નિયામક ગૌરાંગ દવે, નાયબ ખેતીવાડી નિયામક તૃપ્તિબેન પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ, ડીઝાસ્ટર મામલતદાર મીરાંબેન જાની અને અન્ય સંબંધિત સરકારી વિભાગના અધિકારીઓ કર્મચારીઓ જોડાયા હતા.

# ૩૦ નવેમ્બરના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટેકનિકલ કારણોસર, ૩૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે. રદ કરાયેલી ડેમુ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

(૧) ટ્રેન નંબર ૭૯૪૫૨ મોરબી-વાંકાનેર, (૨) ટ્રેન નંબર ૭૯૪૪૨ મોરબી-વાંકાનેર, (૩) ટ્રેન નંબર ૭૯૪૫૪ મોરબી-વાંકાનેર, (૪) ટ્રેન નંબર ૭૯૪૪૪ મોરબી-વાંકાનેર, (૫) ટ્રેન નંબર ૭૯૪૪૬ મોરબી-વાંકાનેર, (૬) ટ્રેન નંબર ૭૯૪૪૮ મોરબી-વાંકાનેર, (૭) ટ્રેન નંબર ૭૯૪૪૧ વાંકાનેર-મોરબી, (૮) ટ્રેન નંબર ૭૯૪૪૩ વાંકાનેર-મોરબી, (૯) ટ્રેન નંબર ૭૯૪૫૩ વાંકાનેર-મોરબી, (૧૦) ટ્રેન નંબર ૭૯૪૪૫ વાંકાનેર-મોરબી, (૧૧) ટ્રેન નંબર ૭૯૪૪૭ વાંકાનેર-મોરબી, (૧૨) ટ્રેન નંબર ૭૯૪૫૧ વાંકાનેર-મોરબી



રેલ યાત્રીઓને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# હળવદના ચાડધ્રા ગામે ચૂંટણીનો ખાર રાખી પિતા-પુત્ર ઉપર હુમલોઃ પાંચ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના ચાડધ્રા ગામે જૂના ચૂંટણી વિવાદનો ખાર રાખી પાંચ આરોપીઓએ પિતા-પુત્ર ઉપર છરી, લાકડી અને મૂંઢ માર મારતા ગંભીર ઇજાઓ પહોંચાડી તથા જાનથી મારી નાખવાની ધમકી આપતા હળવદ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ છે. હાલ પોલીસે પાંચેય આરોપીઓ સામે બીએનએસની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ તાલુકાના ચાડધ્રા ગામમાં જૂના ચૂંટણી વિવાદને લઈને ગામના જ ખેડૂત પિતા-પુત્ર ઉપર હુમલો થયો હોવાની ફરીયાદ હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ફરીયાદી દોલતભાઈ હરીસંગભાઈ ટાપરીયા ઉવ.૫૯ રહે. ચાડધ્રા ગામ વાળાએ આરોપી ૧)બટુકભાઇ કશુભાઇ ટાપરીયા, (૨)મહેશભાઇ બટુકભાઇ ટાપરીયા,(૩)ઘનશ્યામદાન અંબાદાન ટાપરીયા, (૪)જશકરણભાઇ બટુકભાઇ ટાપરીયા ઉપરોકત ચારેય રહેવાસી-ચાડધ્રા ગામ તથા આરોપી (૫)રવિદાન વિષ્ણુદાન હાલે રહેવાસી-ચાડધ્રા ગામ મુળ રહેવાસી-જામનગર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ફરિયાદીએ ગામની સરપંચની ચૂંટણીમાં આરોપી પક્ષે મત ન આપ્યાનો રોષ રાખી ગામના જ ઉપરોક્ત પાંચેય ઈસમોએ એ તેમને તથા તેમના દિકરા રવિદાન દોલતભાઈને માર માર્યો હતો. જેમાં ગઈકાલ તા.૨૬/૧૧ ના રોજ ફરીયાદીના ઘરની પાછળ નદીના પટમાં આરોપીઓએ છરી, લાકડાના ધોકા તથા મૂંઢ માર મારી બન્ને પિતા-પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ સમગ્ર મામલે પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ ખાતે આયોજિત રાજ્ય કક્ષાની રાસ ગરબા સ્પર્ધા અંતર્ગત રજુ થયેલી અર્વાચીન-પ્રાચીન-રાસની 30 કૃતિઓ

### ખેલૈયાઓનુ ધમાકેદાર પરફોર્મન્સ-ઈનામ આપવાની નિર્ણાયકોને મીઠી મુંઝવણ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખેલૈયાઓના ધમાકેદાર પર્ફોર્મન્સથી હેમુ ગઢવી હોલનું સ્ટેજ રણઝણી ઉઠ્યું હતું. પ્રાચીન અને અર્વાચીન ગરબા તથા રાસની એક પણ ભૂલ વગરની સામૂહિક રજૂઆતે ઉપસ્થિતોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. કઈ કૃતિને નંબર આપવો અને કઈ કૃતિને બાદ કરવી, તે વિશે નિર્ણાયકોમાં મીઠી મૂંઝવણ પ્રવર્તતી હતી. રાજ્યભરના ૩૨ જિલ્લાઓમાંથી આવેલા ઉત્કૃષ્ટ કલાકારોએ તેમની કલાના કામણથી વાતાવરણ ભક્તિમય અને જીવંત બનાવી દીધું હતું. માઈક અથવા પ્રી રેકોર્ડેડ કૃતિને બદલે કલાકારોએ ગરબા જાતે જ ગયા હતા. પારંપરિક રંગીન પરિધાન અને આભૂષણોએ સમગ્ર માહોલને ગરિમામય બનાવ્યો હતો.

રાજકોટ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની રાસ-ગરબા સ્પર્ધાના બીજા દિવસે ધારાસભ્ય ડોક્ટર દર્શિતાબેન શાહે સ્પર્ધકોનો ઉત્સવ વધારતાં જણાવ્યું હતું કે ગરબો એ મા જગદંબા પ્રત્યેની આસ્થા અને ભક્તિનું પ્રતીક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરબાને વૈશ્વિક ફલક પર માન્યતા અપાવી છે. ગરબો એ ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત છે, જેને આગળ વધારતી આજની યુવા પેઢીને જોઈને આનંદની લાગણી થાય છે. ધારાસભ્ય ડો. દર્શિતાબહેને આ પ્રસંગે પોતાના સંસ્મરણો પણ વાગોળ્યા હતા.

રાજકોટ ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની સ્પર્ધા ગરબા સ્પર્ધા-૨૦૨૫ ના બીજા દિવસે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ડી.સી.પી. હેતલ પટેલ, નિર્ણાયકો સર્વ મીરાંબેન ઉપાધ્યાય, પારૂલબેન શાહ અને નમ્રતાબેન શાહે દિપ પ્રાગટયથી સ્પર્ધાઓનો શુભારંભ કરાવ્યો હતો. રાસ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે મહેન્દ્ર અણદાણી, રાજુલ દવે અને કીર્તિદવસિંહ ગોહિલે સેવાઓ આપી હતી.

જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશભાઈ દિહોરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ ગાંધીનગર તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, રાજકોટ દ્વારા સંયુક્તપણે રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે ચાર દિવસની રાજ્ય કક્ષાની રાસ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેને રાજકોટની કલાપ્રેમી જનતા ૨૮ નવેમ્બર સુધી માણી શકશે.

# મોરબી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં અપમૃત્યુના ત્રણ બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના શ્યામપાર્ક વિસ્તાર, ત્રાજપરની નીલકંઠ સોસાયટી અને ગ્રામ્ય વિસ્તાર ધુળકોટ ગામમાં ત્રણ અલગ-અલગ અપમૃત્યુના બનાવો સામે આવ્યા છે. ત્યારે ત્રણેય મરણ અંગે પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબી શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલ તા.૨૬ નવેમ્બરના રોજ ત્રણ જુદા જુદા અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. જેમાં પ્રથમ અપમૃત્યુના બનાવમાં મગનભાઈ રામભાઈ સોઢીયા ઉવ ૪૦ રહે. શ્યામપાર્ક-૧ પંચાસર રોડ મોરબીવાળા પોતાના રહેણાંક મકાનમાં હોય ત્યારે અચાનક આચકી ઉપડતા બેભાન થઈ ગયા હતા. તેમને તરત લાઇફલાઇન હોસ્પિટલ ખસેડાયા બાદ વધુ સારવાર માટે ક્રિષ્ના હોસ્પિટલ લઇ જવાયા હતા. ત્યાંથી રાજકોટ માટે એમ્બ્યુલન્સ મારફતે રવાના થયા દરમિયાન શનાળા ગામ નજીક તેમની તબિયત બગડતા મોરબી સરકાર હોસ્પિટલ પરત લાવવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

અમૃત્યુનો બીજો બનાવ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બન્યો હતો. જેમાં સુરજભાઈ રાજુભાઈ મેસરીયા ઉવ.૨૫ રહે.નીલકંઠ સોસાયટી ત્રાજપર મોરબી વાળાએ અજાણ્યા કારણોસર ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ત્યારે મૃતકની ડેડબોડી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડતા, બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી છે.

જ્યારે અપમૃત્યુના ત્રીજા બનાવમાં મોરબી તાલુકાના ધૂળકોટ ગામે રહેતા ગોરધનભાઈ વિરસીંગભાઈ વાઘેલા ઉવ.૬૦ નામના વૃદ્ધ ધુળકોટ અને આમરણ વચ્ચેના રસ્તે ચાલતા ચાલતા અચાનક બેસી ગયા હતા અને ત્યાં જ તેમનું મરણ થયું હતું. ત્યારે તેમની ડેડબોડી મોરબી સિવિલ હોસ્પિટલમાં લાવતા જ્યાં ફરજ ઉપર હાજર ડોક્ટરે પોલીસને જાણ કરતા પોલીસે સ્થળ ઉપર પહોંચી પ્રાથમિક માહિતી મેળવી મૃત્યુના બનાવ અંગે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# માળીયા(મી) નગરપાલિકામાં જન્મ-મરણ પુનઃગઠનની અરજીઓના નિકાલ બાબતે અલ્ટીમેટમ



**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) નગરપાલિકામાં જન્મ-મરણ પુનઃગઠનની આશરે ૧૨૦૦ અરજીઓ લાંબા સમયથી પ્રલંબિત છે, જેને કારણે નાગરિકોને અનેક સરકારી અને વ્યક્તિગત કામોમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આમ આદમી પાર્ટી માળીયા-મિયાણા શહેર પ્રમુખે ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી ૧૫ દિવસમાં નિકાલ કરવા અલ્ટીમેટમ આપ્યો છે, નહીં તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

માળીયા(મી) નગરપાલિકા વિસ્તારમાં જન્મ અને મૃત્યુના પુનઃગઠન સંબંધિત આશરે ૧૨૦૦ જેટલી અરજીઓનો નિકાલ લાંબા સમયથી બાકી છે. આ અરજીઓના નિકાલમાં થતો વિલંબ સામાન્ય નાગરિકોને અનેક મહત્વપૂર્ણ કાર્યોમાં ગંભીર અડચણો ઉભી કરતો જોવા મળી રહ્યો છે. જન્મતારીખ સુધારણા, આધાર કાર્ડના અપડેટ, શાળાઓમાં એડમિશન, સરકારી યોજનાઓનો લાભ, વીમા અને પેન્શન જેવા જરૂરી કામો આ પ્રમાણપત્રો વિના અટવાઈ રહ્યાં છે. આ પરિસ્થિતિથી પરેશાન નાગરિકોના હિતને આગળ ધરી આમ આદમી પાર્ટી માળીયા-મિયાણા શહેર પ્રમુખે નગરપાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે લોકો વારંવાર નગરપાલિકાના ચક્કર મારી થાકી ગયા હોવા છતાં કાર્યમાં કોઈ ગતિ નથી. પક્ષ પ્રમુખે ચેતવણી આપી છે કે જો આગામી ૧૫ દિવસમાં બાકી રહેલી તમામ અરજીઓનો નિકાલ કરવામાં નહીં આવે તો તેઓ નાગરિક હિત માટે શાંતિપૂર્ણ અને કાયદેસર પ્રયાસો હાથ ધરવા મજબૂર બનશે. જેમાં ઉગ્ર આંદોલન, ધરણા અને જવાબદાર વિભાગોને લેખિત ફરિયાદોનો સમાવેશ થશે તેમ રજુઆતમાં જણાવવામાં આવ્યું છે.

# માતા સાથે કામ પર ગયેલી ૧૬ વર્ષીય સગીરા ગૂમ

### મહિલા કોલેજ ચોકમાં એલઆઈસી ઓફિસમાં નોકરી કરતી માતાને મદદ કરવા ગઈ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જીવરાજ પાર્ક મેઈન રોડ પર સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક આવેલી લક્ષ્મણ ટાઉનશિપમાં રહેતી ૧૬ વર્ષીય સગીરા તેની માતા સાથે મહિલા કોલેજ ચોકમાં આવેલી એલઆઈસી ઓફિસમાં સફાઈ કામ માટે ગયા બાદ અચાનક જ ગાયબ થઈ જતાં પોલીસે સગીરાની શોધખોળ આદરી હતી.

આ અંગે સગીરાના પિતાએ નોંધાવેલી હરિયાદમાં જણાવ્યું કે તેની પત્ની એલઆઈસી ઓફિસમાં સઠાઈનું કામ કરે છે એટલા માટે પુત્રી પણ તેના સાથે ગઈ હતી. સવારે ૧૦:૩૦ વાગ્યા આસપાસ એલઆઈસી ઓફિસથી પુત્રી બંગડી બજારમાં રાધે નોવેલ્ટીમાં કટલેરીનું કામ શીખવા માટે જાય છે પરંતુ બનાવના દિવસે પુત્રી એલઆઈસી ઓફિસેથી નીકળી ગયા બાદ ઘણો સમય પસાર થઈ જવા છતાં રાધે નોવેલ્ટીમાં ન પહોંચતાં ત્યાંથી લાલાભાઈ નામની વ્યક્તિનો ફોન આવ્યો હતો કે ૧૬ વર્ષીય સગીરા હજુ તેની દુકાને પહોંચી નથી. આ સાંભળી બાળકીના પિતા ત્યાં દોડી ગયા હતા અને બાળકીની શોધખોળ શરૂ કરી હતી. જો કે બાળકી ક્યાંય ન મળતા પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

સગીરાના પિતાએ એવો આક્ષેપ પણ કર્યો હતો કે તેની ૧૬ વર્ષીય પુત્રીને લક્ષ્મણ ટાઉનશિપમાં જ રહેતો યુવક ભગાડી ગયો છે. આ આક્ષેપ બાદ એ-ડિવિઝન પોલીસ દ્વારા યુવક જ્યાં રહે છે ત્યાં તપાસ કરાઈ હતી પરંતુ પર બંધ હોવાનું સામે આવ્યું હતું.

# ઉનામાં મહિલા શિક્ષિકાનો ગળાફાંસો ખાઇ આપઘાત

### જાફરાબાદ મોડલ સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતાં હતાઃ રસોડામાં જીવ ટૂંકાવી નાખ્યો કારણ જાણવા તપાસ



**મુખ્ય સમાચાર, ઉના**

ઉના તાલુકાના નવાબંદરના રહેવાસી અને હાલ ઉનામાં શાહ એચ.ડી. હાઈ સ્કૂલ સામે રહેતા ૩૦ વર્ષીય કાજલબેન વાઢેરે પોતાના ઘરના રસોડામાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. તેઓ જાફરાબાદ મોડલ સ્કૂલમાં સરકારી શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. તેમની માતાએ કાજલબેનને રસોડાના પંખા પર પ્લાસ્ટિકની દોરી બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં જોયા હતા.

આ ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. કાજલબેન તેજાભાઈ વાહેરની પુત્રી હતા. પરિવારમાં બે પુત્રી અને એક પુત્ર છે, જેમાં મોટી પુત્રીના લગ્ન થઈ ગયા છે. કાજલબેનને જુલાઈ મહિનામાં જાફરાબાદ મોડલ સ્કૂલમાં સરકારી શિક્ષક તરીકે નોકરી મળી હતી. નવાબંદરથી જાફરાબાટ અપડાઉન કરવામાં વાહનવ્યવહારની સમસ્યાને કારણે કાજલબેનના ભાઈ રાકેશભાઈ પરિવાર સાથે ઉના રહેવા આવી ગયા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ, કાજલબેન ભણવામાં ખૂબ જ હોશિયાર હતા અને તેમનો પરિવાર સ્વાધ્યાય પરિવારમાં શ્રદ્ધા રાખે છે. તેઓ આ પગલું ભરશે તેવું પરિવાર માની શકતો નથી.

જો કે, પરિવારજનોએ કોઈ તણાવના કારણે તેમણે આત્મહત્યા કરી હોવાની શક્યતા વ્યક્ત કરી છે. ઉના પી.એસ.આઈ. હરપાલસિંહ સરવૈયા અને તેમના સ્ટાફ દ્વારા આત્મહત્યાના કારણો અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગીરગઢડાના પીછ્વીમાં ઘર આંગણામાં રમતી માસૂમ બાળાને સિંહણે ફાડી ખાધી

**મુખ્ય સમાચાર, કોડીનાર**





ગીર ગઢડા તાલુકાના પિછ્વી ગામે હૃદયદ્રાવક ઘટના બની છે. જંગલને અડીને આવેલા રેવન્યુ વિસ્તારમાં આવેલી વાડીમાં રમી રહેલી લગભગ બે વર્ષની માસૂમ બાળા પર સિહણે હુમલો કરીને તેને ફાડી ખાતા સમગ્ર પંથકમાં ભારે ફફડાટ અને શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પિછ્વી ગામે મણકાકાદા જંગલ વિસ્તારમાં જે પિછ્વી રેવેન્યુ તરીકે ઓળખાય છે. વાડીએ રહેતા હરસુખભાઈ લાલજીભાઈ મકવાણાની પુત્રી, આધ્યા (ઉંમર આશરે ૧ વર્ષ અને ૯ માસ) પોતાના ઘરના આંગણામાં રમતી હતી. એ જ સમયે જંગલ વિસ્તારમાંથી અચાનક આવી ચડેલી એક સિહણે માસૂમ આધ્યા પર હુમલો કર્યો હતો. દીકરીને મોમાં પકડતી સિહણને જોઈને આધ્યાના માતા ભારતીબહેને બૂમાબૂમ કરી મૂકી હતી. જોકે, માતાની ચીસો સાંભળે તે પહેલાં જ સિહણ બાળકીને મોમાં દબાવીને નજીકમાં આવેલ બાબરીયા રેંજના જંગલ તરફ દોટ મૂકી ગઈ હતી.

પરિવારે તાત્કાલિક જામવાળા રેન્જના આર.એફ.ઓ. બી.બી. વાળાને જાણ કરી હતી. વન વિભાગ અને પરિવારજનોની લગભગ એક કલાકની જહેમત બાદ આખરે જંગલમાંથી બાળકીનો નિષ્પ્રાણ દેહ ફાડી ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. આર.એફ.ઓ. દ્વારા તાત્કાલિક બાળકીના મૃતદેહને ગીરગઢડા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બાળકીના મૃતદેહને ગીરગઢડા હોસ્પિટલે લઈ જતાં ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.આર.એફ. ઓ. બી.બી. વાળાએ તાત્કાલિક આસપાસની બીટના તમામ વનકર્મીઓને બોલાવીને ૮ થી ૧૦ જેટલી ટીમોને કામે લગાડી દીધી હતી. વન વિભાગના અધિકારીઓની ઝડપી કાર્યવાહીના પરિણામે, બાળકીનું પી.એમ. થાય તે પહેલાં જ, માસૂમ બાળા પર હુમલો કરનાર સિહણને પાંજરે પૂરી લેવામાં આવી હતી અને તેને જામવાળા રેસ્ક્યુ સેન્ટર ખાતે ખસેડવામાં આવી છે. જોકે, આ દુખદ ઘટનાને પગલે જંગલને અડીને રહેતા રેવન્યુ વિસ્તારના લોકોમાં ભય અને ફફડાટનો માહોલ ફેલાઈ ગયો છે. વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવા અને લોકોની સુરક્ષા માટે કડક પગલાં લેવા માટે માંગ ઉઠી રહી છે.

# મોરબીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩૦૭ નવા આવાસોને સરકારની મંજુરી




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ (શહેરી)ના BLC ઘટક અંતર્ગત રજુ કરાયેલા ૪૩૦ આવાસોના DPR પૈકી ૩૦૭ આવાસોને સરકાર દ્વારા મંજુરી અપાઈ છે. તમામ આવાસોમાં નેશનલ બિલ્ડિંગ કોડ મુજબ બે રૂમ, રસોડું અને સેનિટેશન સુવિધાઓ સાથે ૩૦ થી ૪૫ ચો.મી. કાર્પેટ ક્ષેત્રફળનો સમાવેશ થશે. વહીવટી પ્રક્રિયા પૂર્ણ થતાં જ લાભાર્થીઓ દ્વારા બાંધકામ શરૂ થશે અને ચાર તબક્કામાં કુલ રૂ. ૪ લાખની સહાય આપવામાં આવશે.

સરકાર દ્વારા શહેરોમાં ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગોને સસ્તા, સગવડભર્યા અને આધુનિક રહેણાંક ઉપલબ્ધ કરાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ (શહેરી)નું અમલીકરણ ચાલુ છે. આ યોજના હેઠળ Beneficiary Led Construction (BLC) ઘટકના ફેઝ-૧ થી ૬ અંતર્ગત મોરબી મહાનગરપાલિકાએ કુલ ૪૩૦ નવા પાકા આવાસોના (વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ) સરકાર સમક્ષ મંજૂરી માટે મોકલ્યા હતા. આવાસોના બાંધકામ અંગે નેશનલ બિલ્ડિંગ કોડ મુજબ હવામાનને અનુરૂપ ડિઝાઇન સાથે ઓછામાં ઓછા બે રૂમ, રસોડું, તેમજ શૌચાલય-બાથરૂમ જેવી જરૂરી સગવડો ફરજિયાત છે. આ સુવિધાઓ ૩૦ ચો.મી.થી ૪૫ ચો.મી. કાર્પેટ એરિયા હેઠળ આવરી લેવામાં આવશે, જેથી શહેરી વિસ્તારોમાં રહેતા લાભાર્થી પરિવારોને સુરક્ષિત અને સુવિધાસભર આવાસ મળી રહે.

મોરબી મહાનગરપાલિકાની રજૂઆત પર સરકારે ૪૩૦ પૈકી ૩૦૭ આવાસોના ને મંજુરી આપી છે. હવે આ મંજુર થયેલા આવાસોના કામ માટેની વહીવટી કાર્યવાહી પૂર્ણ થતાં જ લાભાર્થી પરિવારોથી બાંધકામની શરૂઆત કરવામાં આવશે. યોજનાની માર્ગદર્શિકા અનુસાર દરેક આવાસ માટે સરકાર દ્વારા કુલ રૂ. ૪ લાખની સહાય ચાર તબક્કામાં ફાળવવામાં આવશે. આ રકમ લાભાર્થીઓને બાંધકામની પ્રગતિ અનુસાર આપવામાં આવશે, જેથી તેઓ મંજૂર નકશા અને ધોરણો મુજબ મકાન બાંધકામ પૂર્ણ કરી શકશે તેમ યાદીમાં જણાવ્યું છે.

# મોરબીના ગાંધી ચોક નજીક નોટ પર નંબરનો જુગાર રમતા ચાર જુગારી ઝબ્બે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે શહેરના ગાંધી ચોક નજીક ચલણી નોટના નંબર ઉપર નસીબ આધારિત પૈસાની હારજીતનો જુગાર રમતા અમીનભાઈ હશનભાઈ ખુરેશી ઉવ ૩૮ રહે. રબારીવાસ શેરી નં.૧ મોરબી, મીનપ્રસાદ વસંતપ્રસાદ ભુસાલ ઉવ.૨૩ રહે.વીસીપરા મોરબી, સફી તારમહમદ મોટલાણી ઉવ.૪૬ રહે.બોરીચાવાસ મોરબી તથા નરેશ કનૈયાલાલ કીપલાણી ઉવ.૩૨ રહે.હાઉસિંગ પાસે મોરબી વાળાને રોકડા રૂ.૧,૪૪૦/- સાથે ઝડપી લઈ તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જમાદારને પીઆઇએ કહ્યું જુગારની પરમીશન મેં આપેલ છે, તમારે ત્યાં જવાનું નથી...!



## અહીં નોકરી કરવી હોય તો હું કહુ તે પ્રમાણે કરવું પડશેઃ જમાદારે લેખીતમાં ઉચ્ચ અધિકારી અને ધારાસભ્યને ફરીયાદ કરી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામાકાંઠે સ્લમ વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગની માફક દેશી દારૂના હાટડાઓ ધમધમી રહ્યા છે. ત્યારે સ્થાનિક પોલીસ પણ કાગળ પર કામગીરીના ગણ્યા ગાઠીયા કેસ કરી હાશકારો લઇ વિસ્તારમાં બધુ સહિસલામત અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ નિયંત્રણમાં છે. તેવું ચિત્ર ઉચ્ચ અધિકારીઓ પાસે રજૂ કરી રહ્યા છે. હાલમાં જ કુબલીયાપરામાં વોરંટ બઝવણી કરવા ગયેલા એએસઆઇ અને સાથી પોલીસ કર્મીઓને બુટલેગરે ગાળો ભાંડી ધમકી આપી હોવાની ફરીયાદ રેકોર્ડીંગ સાથે થાણા અધિકારીને કરતા થાણા અધિકારીએ ફરીયાદ લેવાના બદલે એએસઆઇની ટ્રાફિક શાખામાં બદલી કરી નાખી હોવાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ વધુ એક સનસનીખેજ હકીકત સામે આવી છે.

જેમાં થોરાળા વિસ્તારમાં દારૂ-જુગારના હાટડા ધમધમી રહ્યા હોય જેની ફરીયાદો સ્થાનિક લોકો, રાજકીય આગેવાનો, સામાજીક કાર્યકરો દ્વારા અનેકવાર શહેર પોલીસ કમિશનર તથા સ્થાનિક પોલીસમાં લેખીત-મોખીક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં આ વિસ્તારમાં ગેરકાયદે ધંધાઓ પૂરજોશમાં ચાલી રહ્યા હોય તેનો પુરાવો સામે આવી રહ્યો છે. થોરાળા પોલીસ સ્ટેશનના એક જમાદાર અને અન્ય સાથી કર્મચારીઓ પોલીસના યુનિફોર્મમાં એનબીડબલ્યુ વોરંટના કામે કુબલીયાપરામાં ગયા હતા. ત્યારે મચ્છી ચોકમાં કેટલાક શખ્સો જાહેરમાં જુગારનો પાટલો ચલાવતા હોય અને જમાદાર સહિતના પોલીસ કર્મીઓ યુનિફોર્મમાં હોય જેથી જુગારીઓને જુગાર બંધ કરવાનું કહ્યું હતું અને ત્યાંથી ભગાડી દીધા હતા. આ ઘટનાના બે દિવસ બાદ રામનવમીના બંદોબસ્ત હોય અને જમાદાર પોતાના રૂમમાં વોરંટ બઝવણીની કામગીરી કરતા હોય ત્યારે પીઆઇ ત્યાં આવી જમાદારને કહેલ કે, તે જુગારની પરમીશન મેં આપેલી છે. તમારે ત્યાં જવાનું નથી અને તમારે જો અહીં નોકરી કરવી હોય તો હું કહુ તે પ્રમાણે કરવી પડશે. આવી વાત સાંભળી જમાદાર અને અન્ય પોલીસ કર્મીઓ ચૌકી ગયા હતા. આ ઘટના બાદ જમાદારે આ ઘટના અંગે જવાબદારી ઉચ્ચ અધિકારીઓ અને શહેરમાં દારૂ-જુગારની બદીનો સખત વિરોધ કરતા અને આ બદીને હટાવવાના હિમાયતી ગણાતા ધારાસભ્યને આ અંગે રજૂઆત કરવામાં આવી હતી અને આ ઘટનાના પગલે ધારાસભ્યએ પણ ઉચ્ચ અધિકારી સાથે આ અંગે ચર્ચા કરી કડકમાં કડક કાર્યવાહી કરવા અંગે સુચનાઓ કરી હોવાનું સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# શિક્ષકે સાથી શિક્ષિકાનો સાથ લઇ મહિલાનું શિયળ લૂંટ્યું, ૪.૨૫ લાખ પડાવ્યા

## ચાર દિ' પહેલાં ભોગ બનનારના લગ્ન હોવાની જાણ થતાં જ બન્ને શિક્ષકે સ્થળ પર ધસી જઈ હોબાળો મચાવ્યોઃ મહિલા શિક્ષિકાએ જ મિત્ર સાથે કર્યો વિશ્વાસઘાતઃ શિક્ષિકાના ફ્લેટ પર યુવતીને ' લઈ જઈ પુરુષ શિક્ષકે દુષ્કર્મ ગુજાર્યા બાદ ફોટો-વીડિયો ઉતારી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકે એક મહિલાનું શિયળ લૂંટી ૪.૨૫ લાખ રૂપિયા પડાવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે મિત્ર ખોટું કામ કરી રહ્યો હોવા છતા મહિલા શિક્ષકે તેનો સાથ આપ્યો હોવાનું સામે આવ્યું છે ત્યારે આખરે ભોગ બનનાર યુવતીએ પોલીસનું શરણું લેતાં પોલીસે બે લોકો સામે ગુનો દાખલ કરી મહિલા શિક્ષિકાની ધરપકડ કરી હતી.




આ અંગે ભોગ બનનારે યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તે સાધુ વાસવાણી રોડ પર આવેલા એક ફ્લેટમાં રહેતી અને સરકારી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી પ્રિતી ઘેટિયાની મિત્ર છે. ત્રણેક વર્ષ પહેલાં પ્રિતી થકી જ તેનો સંપર્ક મુકેશ રવજીભાઈ સોલંકી (રહે. માધાપર ચોકડી) સાથે થયો હતો. આ પછી મુકેશે ભોગ બનનાર સાથે મીઠી મીઠી વાતો કરી તેને ફસાવી હતી. જેવો ભોગ બનનારને મુકેશ ઉપર વિશ્વાસ બેસી ગયો કે તે તેને પ્રિતી ઘેટિયાના ફ્લેટ પર લઈ આવ્યો હતો અને ત્યાં તેના ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું. દુષ્કર્મ ગુજાર્યા બાદ મુકેશે ભોગ બનનારના ન્યુડ ફોટો અને વીડિયો ઉતારી લીધા હતા. આ ફોટો-વીડિયોના આધારે મુકેશે ભોગ બનનારને બ્લેક મેઈલિંગ કરવાનું કરી દીધું હતું અને અને જો પૈસા નહીં આપે તો ફોટો અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપતા ડરી ગયેલી ફરિયાદીએ કટકે કટકે કરીને મુકેશને ૪.૨૫ લાખ રૂપિયા જેવી શરૂ કરી રકમ આપી દીધી હતી. આમ છતાં મુકેશે ફરિયાદીનો પીછો છોડયો ન્હોતો અને એક દિવસ મેટોડા પાસે ફરિયાદીને કારમાં લઈ જઈ તેની સાથે માથાકૂટ કર્યાબાદ ગાડીમાં રહેલા ચાર્જિંગ વાયર તેમજ કડાથી માર મારી ઈજાઓ પહોંચાડી હતી.

આટલું ઓછું હોય તેમ ચાર દિવસ પહેલાં ફરિયાદીના લગ્ન ચાલી રહ્યા હોય ત્યાં મુકેશ સોલંકી અને પ્રિતી ઘેટિયાએ ઘસી જઈ માથાકૂટ કરી લગ્ન અટકાવ્યા હતા. એકંદરે બન્નેના ત્રાસથી કંટાળી જઈ આખરે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે પ્રિતી ઘેટિયાની ધરપકડ કરી લીધી હતી જ્યારે મુકેશની શોધખોળ આદરી હતી.

# DLRI કચેરીમાં નૈવેદ્ય વગર કામ નહી થતા હોવાનો ભાજપ નેતાનો આક્ષેપ

## અર્જુન ખાટરીયાના વિસ્ફોટક પત્રથી ગાંધીનગર સુધી ઠંડીમાં ગરમાવો આવ્યોઃ કલેક્ટરના આદેશનો પણ ઉલાળ્યો કરાતો હોવાનો પત્રમાં ઉલ્લેખ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ડીએલઆરઆઈ કચેરીમાં ભ્રષ્ટાચાર વિના કોઈ કામ થતા ન હોવાના આક્ષેપ સાથે ભાજપના જ પંચાયત સભ્ય એવા આગેવાન અર્જુન ખાટરીયાએ કલેકટરથી માંડીને મુખ્યમંત્રી સુધીના નેતાઓને ધગધગતો પત્ર લખ્યો છે. જમીન રિ-સર્વે, બીનખેતી પ્રક્રિયા સહીતના કામોમાં આ કચેરીના નિયામક, નાયબ નિયામક તથા સરકારી જરીફો વિરુદ્ધ તપાસ કરી ને ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ કાર્યવાહીની પણ માંગ કરી છે. રાજકોટ જીલ્લા પંચાયતના સભ્ય અને પુર્વ કારોબારી ચેરમેન એવા અર્જુન ખાટરીયાએ પત્રમાં કહ્યું છે કે પ્રજાના પ્રતિનિધિ અને સામાજીક અગ્રણી હોવાના નાતે ગામડાના ખેડુતો જમીન રીસર્વેથી માંડીને જમીન માપણી સહિતના મહેસુલી પ્રશ્નો લઈને આવતા હોય છે અને તે અનુસંધાને સંબંધીત અરજદારોને સાથે રાખીને જામનગર રોડ સ્થિત કચેરીમાં રૂબરૂ રજુઆત કરવા ગયા હતા ત્યારે અધિકારીઓએ એવુ કહી દીધું હતું કે 'રાજકીય વ્યક્તિઓ કે વકીલોએ અન્યોના કામ લઈને નહીં આવવાનું અને સંબંધીત ખેડુતોએ જ આવવાનું રહે છે.' તેમણે એવો આક્ષેપ કર્યો છે કે જમીન રીસર્વે કે માપણીની ફરિયાદ લઈને ખેડુતો જાય તો ખુલ્લેઆમ નાણાં માંગવામાં આવે છે અને તે આપવામાં ન આવે તો ઈરાદાપૂર્વક રીસર્વે માપણીમાં ક્ષેત્રફળ ઘટાડો કે આકૃતિમાં ફેરફાર અથવા કબ્જા ફેરફાર જેવી ક્ષતિઓ રાખીને હકમો કરી નાખવામાં આવે છે. તેઓ પાસે જ સુધારાની સતા હોવા છતાં કલેકટર સમક્ષ અપીલમાં જવા કહી દેવામાં આવે છે.

તાજેતરના જ એક કેસમાં કલેક્ટરે ફેરનિર્ણયનો હકમ કર્યો હોવા છતાં તેની પણ અવગણના કરવામાં આવી છે. ભ્રષ્ટાચાર-લાંચ ન ચુકવાય તો કામકાજ નહીં જ થાય તેવી ખુલ્લેઆમ ધમકી આપવામાં આવે છે. ભ્રષ્ટ અધિકારીઓ વિરુદ્ધ પગલા ન લેવાય તો હજારો ખેડુતોને રી-સર્વેમાં ઘટાડી નાખેલી પોતાની માલીકીની જમીન ગુમાવવી પડે તેવો ભય છે. તેમણે કહ્યું કે અધિકારીઓ વિરુદ્ધ અગાઉ પણ ખેડુતોથી માંડીને વકિલ મંડળ સુધીના વર્ગોએ રજુઆત કરી હતી છતાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી.

રાજયના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, મહેસુલમંત્રી, મહેસુલ અગ્ર સચીવ તથા જીલ્લા કલેકટર તથા એન્ટી કરપ્શન બ્યુરોને પાઠવેલા આ પત્રમાં અર્જુન ખાટરીયાએ ભ્રષ્ટ અધિકારીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ ફરિયાદ દાખલ કરીને નોકરીમાંથી બરતરફ કરવા તથા રી-સર્વે, જમીન માપણીના પ્રશ્નોનું વ્હેલીતકે નિરાકરણ લાવવાની માંગ કરી છે.

# જામકંડોરણા પાસે ગોડાઉનમાંથી ૪૬ લાખના વિદેશી દારૂ સાથે ચાર પકડાયા

## ચાર કારમાં દારૂનો જથ્થો ભરવા જૂનાગઢના શખ્સો આવ્યા હતાઃ ધોરાજીના બુટલેગર બેલડીની શોધઃ ૩૨૭૦ બોટલ મળી ૮૬.૫૦ લાખનો મુદ્દામાલ કબજે





**મુખ્ય સમાચાર, જામકંડોરણા**

જામકંડોરણા નજીક બોડીયા ચોકડી પાસે બંધ મિલમાં પડેલા ૩૭૨૦ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે રાજકોટ રૂરલ એલસીબીની ટીમે જૂનાગઢ પંચેશ્વરની ત્રિપુટી તેમજ ધોરાજીના વેગડી ગામના ગોડાઉન પર દેખભાળ રાખતા શખસ મળી ચાર શખસોની ધરપકડ કરી છે. દારૂનો જથ્થો ચાર કારમાં કટિંગ થઈને સગેવગે કે જૂનાગઢ તરફ સપ્લાય થાય એ પૂર્વે જ પોલીસે છાપો મારી દારૂ, કાર મળી ૮૬,૫૫,૮૦૦નો મુહામાલ કબજે કરી વેગડી ગામની બુટલેગર બેલડીની શોધ હાથ પરી છે.

બોળીયા ચોકડી પાસે બંધ મિલ ગોડાઉનમાં વિદેશી દારૂનો જથ્થો પડ્યો હોવાનું અને ત્યાંથી કટિંગ થતું હોવાની એલસીબીના હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાબડા, હરેશભાઈ પરમાર તથા મીરલભાઈ ચંદ્રવાડિયાને બાતમી મળી હતી જે આધારે પીઆઈ વી.વી. ઓડેદરા, પીએસઆઈ એચ.સી. ગોહિલ તથા પીએસઆઈ આર.વી. ભીમાણી અને ટીમે દરોડો પાડયો હતો.

ગોડાઉન પર પોલીસ પહોંચતા કટિંગ (સ્થળ પર પડેલો દારૂનો જથ્થો કારમાં અન્યત્ર લઈ જવાનું કામ) ચાલી રહ્યું હતું. સ્થળ પરથી જ જૂનાગઢના પંચેશ્વર વિસ્તારમાં રહેતા સામત ભીમાભાઈ કરમટા, હીરા જીવાભાઈ મોરી, રાજુ ડાયાભાઈ સીંધલ તથા ગોડાઉનમાં દેખભાળ રાખતા ધોરાજીના વેગડી ગામના કારૂ ધીરૂભાઈ ગોહેલને દબોચી લીધા હતા. જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર સુત્રધાર બેલડી વેગડી ગામના રાજુ પોલાભાઈ કોડીયાતર તથા ભાવેશ ભોજાભાઈ કોડીયાતર હાજર મળી ન હતી. પોલીસે ૪૬,૦૦,૮૦૦ની કિંમતનો ૩૭૨૦ બોટલ દારૂ તેમજ જી.જે.૧૦-ડી.ઈ.૯૭૪૧ બરની ક્રેટા કાર, જી.જે.૧૧-બી.આર.૭૨૪૪/નંબરની વેન્યુ કાર, જી.જે.૦૬-જે.ક્યુ.૬૧૯૯ નંબરની કેટા તેમજ જી.જે.૦૬-વી.એ.૮૫૫૮ નંબરની કીયા કાર મળી ૮૬.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગોડાઉનમાં જથ્થો ઉતર્યો, કટિંગ માટે વાહનો આવ્યા છતાં સ્થાનિક પોલીસ અંધારામાં રહી ગઈ કે કેમ ?

# કુખ્યાત બૂટલેગરે દમણથી ચોથી વખત મોકલેલો દારૂ પકડાયોઃ રિક્ષાચાલકની ધરપકડ

## અનેક વખત પોલીસ ચોપડે ચડી ચૂકેલા યાકુબ મોટાણીએ બસમાં દારૂના ૯૧૨ 'ચપલા' મોકલ્યા'તા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ, મોરબી, સુરત, વલસાડ, આણંદ સહિતના પોલીસ મથકમાં દારૂની હેરાફેરી, હત્યા સહિતના ૨૧ ગુના આચરી દમણ સ્થાયી થયેલા કુખ્યાત બૂટલેગરે ત્યાંથી રાજકોટ વેચવા માટે મોકલેલા દારૂના જથ્થાને પીસીબીની ટીમે પકડી પાડી રિક્ષાચાલકની ધરપકડ કરી હતી.

પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલિયા, એમ. જેહુણના માર્ગદર્શન હેઠળ ટીમના કુલદીપસિંહ જાડેજા, યુવરાજસિંહ રાણા, વિજય મેતા સહિતે મોટી ટાંકી ચોક પાસે અમર સ્ટેશનરી નજીકથી પસાર થઈ રહેલી રિક્ષા નં.જીજે૧સીવી-૭૧૬૩ને અટકાવી તલાશી લેતાં તેમાંથી અલગ-અલગ બ્રાન્ડના વિદેશી દારૂના ૯૧૨ 'ચપલા' મતલબ કે ૧૮૦ એમ.એલ.ની બોટલ મળી આવતાં રિક્ષાચાલક નવાઝ દોસ્તમહમ્મદભાઈ ભાડુલા (ઉ.વ.૨૪)ની ધરપકડ કરી હતી.

નવાઝની પૂછપરછમાં ખુલ્યા પ્રમાણે યાકુબ મોટાણી કે જે દમણ ચાલ્યો ગયો છે તે દર સપ્તાહે આ પ્રકારે દારૂનો જથ્થો દમણથી બસ અથવા ટ્રાન્સપોર્ટ મારફતે રાજકોટ મોકલતો હતો અને અહીં દારૂ પહોંચી જાય એટલે તે ત્યાંથી લઈને અલગ-અલગ લોકોને પહોંચાડી દેતો હતો. આ બદલ તેને પૈસા મળતા હોવાથી

તે દારૂની હેરાફેરી કરવા લાગ્યો હતો. પોલીસે ૨.૫૯ લાખના દારૂ સહિત કુલ ૩.૩૯ લાખનો મુદ્દામાલ કબજે કરી યાકુબ મોટાણીની શોધખોળ આદરી હતી.

# એપાર્ટમેન્ટમાં પાડોશીનો શ્વાન કરડવા દોડતાં મહિલાએ રાવ કરી તો ફડાકો ઝીંકી દીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના કોઠારીયા રોડ પર એપાર્ટમેન્ટમાં પાડોશીનો શ્વાન કરડવા દોડયો હોય આ અંગે મહિલાએ રાવ કરતાં જ પાડોશી મહિલાએ ફડાકો ઝીંકી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપતા આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની વિગતો મુજબ, કોઠારીયા રોડ સુરભી પોસિબલ એપાર્ટમેન્ટમાં રહેતા કિરણબેન ગૌતમભાઈ વાઘેલા ( ઉંમર ૩૮) એ પાડોશમાં રહેતી પારુલ બેન રાજેશભાઈ ગોસ્વામી સામે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, મંગળવારે સાંજના ૫.૩૦ વાગ્યા આસપાસ પોતે બહારથી વસ્તુ લઈને પોતાના ફ્લેટ તરફ જઈ રહ્યા હતા ત્યારે પારુલબેન અને તેનો પુત્ર તેમના કૂતરા સાથે આવેલા હતા. દરમિયાન અચાનક જ કુતરાએ કિરણબેન તરફ દોટ મૂકીને તેમને કરડવાની પ્રયાસ કરતા પારુલબેનના દીકરાએ તેને પકડી રાખ્યો હતો. જો કે આ બનાવમાં તેઓ ખૂબ ડરી ગયા હતા. જેથી આ બાબતે પારૂલબેનને કહેતા જ તેઓએ બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી ફડાકો ઝીંકી દીધો હતો. સાંજના સમયે કિરણબેનના પતિ કામેથી આવતા ઘટના અંગે વાત કરતા એપાર્ટમેન્ટના બીજા કેટલાક રહીશો સાથે પોલીસ મથકે પહોંચીને આરોપી મહિલા સામે ફરિયાદ નોંધાવી હતી.

# સિવિલમાં મોરબીના બાળકનું મૃત્યુ, ડોકટરોની બેદરકારીનો આક્ષેપ

## ડોકટર અને નર્સિંગ સ્ટાફની બેદરકારીના કારણે દોઢ વર્ષના બાળકનું મોત થયાનો પરિવારનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**


મોરબીમાં શોભેશ્વર રોડ પર મફતીયાપરામાં રહેતા ગોવિંદભાઈ ગમારાનો દોઢ વર્ષનો પુત્ર શિવમ ગત તા.૧૮નાં રાત્રીનાં સમયે ગરમ પાણીના તપેલામાં પડી જતાં દાઝી ગયો હતો. જેને સારવાર માટે પ્રથમ મોરબી બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન તા.૨૩નાં મોત નિપજ્યું હતું. પરિવારજનો દ્વારા ડોકટર અને નર્સિંગ સ્ટાફની ગંભીર બેદરકારીના કારણે પુત્રને ખોવાનો વારો આવ્યો હોવાનો આક્ષેપ કરતાં ચકચાર મચી જવા પામી છે. પુત્રના મોતથી પરિવારજનોમાં ભારે ગમગીની સાથે સિવિલ હોસ્પિટલ પર ગંભીર આક્ષેપો સાથે રોપ જોવા મળ્યો હતો. પરિવાજનો દ્વારા



આક્ષેપ કરવામાં આવ્યો હતો કે બાળકની સ્થિતિ દાખલ કરતી વખતે સામાન્ય હતી, પરંતુ સારવાર દરમિયાન જ્યારે બાળકને બાટલો ચડાવવામાં આવ્યો ત્યારે અચાનક જ તેની તબિયત લથડી હતી. બાળકની સ્થિતિ બગડતા તેના પિતા ગોવિંદભાઈ ગમારાએ ત્યાં હાજર તબીબ અને સ્ટાફને પૂછપરછ કરી હતી. ત્યારે સ્ટાફ દ્વારા ખૂબ ઉદ્ધત જવાબ આપવામાં આવ્યો. એટલું જ નહીં સૌથી વધુ ગંભીર બેદરકારી સામે આવી કે એક નર્સે દર્દીના પિતાને પૂછ્યું કે, બાળકને કઈ જગ્યાએ ઈન્જેક્શન લગાવવું? આ ઘટનાએ હોસ્પિટલમાં ભરતી થયેલા સ્ટાફની યોગ્યતા પર મોટો સવાલ ઉભા કર્યો છે, અને લોકો પૂછી રહ્યા છે કે શું હોસ્પિટલમાં અભણે નર્સની ઘરેથી લઇ આવ્યા ત્યારે સામાન્ય સ્થિતિ હતી, ચડાવ્યા વિસાત ભરતી કરવામાં આવી છે?

સમગ્ર મામલો ગરમાયા બાદ સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો. દૂસરાએ આ બનાવ અંગે નિવેદન આપ્યું છે. જેમાં તેમણે જણાવ્યું કે, આ બનાવને લઈને તાત્કાલિક તપાસ કમિટીની નિમણૂક કરવામાં આવી છે. અને નિષ્ણાંત ડોકટરની ટીમ દ્વારા સમગ્ર ઘટનાની સઘન તપાસ હાથ ધરવામાં આવશે. સ્ટાફ દ્વારા આ પ્રકારનું વર્તન કરવામાં આવ્યું હોય તો તે ખૂબ જ ગેરવ્યાજબી કહેવાય, અને જવાબદારો સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવશે. દર્દીઓ સાથે ડોક્ટર કે નર્સિંગ સ્ટાફ ગેરવર્તન ન કરે તે માટેની કડક સૂચનાઓ પણ આપવામાં આવશે.


શ્રધ્ધા સુમન



સ્વ.ઈશ્વરભાઈ અમરચંદભાઈ મહેતા

સ્વ.તા.૨૭-૧૧-૨૦૨૪

આપે અમારા સંસ્કારોનું સિંચન કરીને અમારા આત્માને ઉન્નત બનાવ્યા છે. આપે કરેલા સત્કાર્યો અમે ચાલુ રાખી શકીએ એવી ઈશ્વરને પ્રાર્થના. તમારી કરુણામયી, કૃપાળુ અને સ્નેહભર અમી નજરથી અમારા જીવનબાગને સદા સિંચતા રહેશો. આપના ચરણોમાં કોટી કોટી વંદન..

લી.સ્વ.અમરચંદભાઈ ભવાનભાઈ મહેતા
પરિવારના જયશ્રી કૃષ્ણ